विभीषणनीति.

લેખક અને પ્રકાશક,

કવિ પોપટલાલ શર્મા.

वाङ्मुखम् ।

परमेशानुग्रहात् कविकुलदिवाकरैर्भासकालिदासादिभिः समुद्भासिता गीर्वाणभारतीदानीमपि भारतीयकविकोविदेषु संततमहार्घरागेण प्रवर्तमानानुभूयते । बहुविधशिल्पसंविधानानां जडचेतनतत्त्वविचाराणां गणितादिविज्ञानानां च कस्मादपीदानीन्तनविदुषो लब्धजन्मा नूतनप्रकर्षातिशयमाविर्भावयन् भारत्यामस्यां यद्यपि न कोऽपि ग्रन्थः परिदृश्यते । न वा सकलजनव्यवहारसामान्यसाधने भगवतीयं निर्जरवाणी, तथापि नास्तमितपदावद्यतात्र वावदूकैर्वाच्या । कविकोविदबलेन क्षणे क्षणे नवतामनुभवन्ती भविष्यति सर्वांगीणनवतामयी यदि भारतीया विद्वांसः परभाषातमस्तान्तस्वान्त-तामपाकुर्युः।

नैसर्गिकशक्तिमन्तरेणास्यां वाचि काव्यनिर्माणं सत्यपि वैदुष्ये दुरापम् । एतस्या विभीषणनीत्या अवलोकनेन विज्ञायतेऽस्य निर्मातरि कविरत्नपोपटलालशर्मणि कवितासंविधानशक्तिः स्वाभाविकीति । कथमन्यथा प्रसादगुणौदार्यमावहन्ती श्रुतिपीयूषपूरवर्षिणी चेतश्चमत्कारिणी हृदि दुर्नीतिबीजं समूलकाषं कषन्ती सुनीतिबीजमावपन्ती वाङ्मनसातीतसुखमुत्पादयन्ती कवितेयं प्रादुःष्यात् । इयं पठ्यमाना संविधानसौसादृश्यहेतुना कालिदासादिकाव्यानि महर्षिव्यासादिनीतिवचांसि च पठितुः स्मृतिपथं बलात्प्रवेशयाति । अनुमापयाति च विविधशास्त्रावगाहलब्धकौशलं कविरवेः ।

बालानामेतस्य ग्रन्थस्याध्ययनं वाचि कौशलं मनसि च पवित्रतामुत्पादयतीति सुधीभिरियं विभीषणनीतिः समादर्तव्या । आस्वादयन्तु च सहृदयहृदया अस्या मधुरिमामृतरसास्वादसर्वस्वमिति । पं० मयाशङ्करशर्मा.

विभीषणनीति ।

લેખક અને પ્રકાશક,

કવિ પોપટલાલ શર્મા.

અનુવાદક,

બ્રહ્મચારી સત્યવ્રત અને નરેન્દ્ર.

મહાવિદ્યાલય ગુરૂકુલ સાંટાક્રુઝ.

આવૃત્તિ ૧લી] સને ૧૯૨૨ [પ્રતી ૫૦૦

મુદ્રક—પ્રભાશંકર જયશંકર પાઠકે,

પુરંદરે પાઠક પ્રિં. પ્રેસ, ઠાકુરદ્વાર મુંબઈમાં છાપ્યું.

કિંમત રૂ. ૦—૮—૦.

બે બોલ.

—o—

આ પુસ્તકને સંસ્કૃતમાં જ બહાર પાડવાનો મારો વિચાર હતો; પણ મારા ઘણા મિત્રોનું એવું કથન થયું કે, આવા નીતિપૂર્ણ, સર્વગ્રાહ્ય પુસ્તકનો ગુજરાતી ભાષામાં જો તરજુમો થાય, તો લોકોને ઘણો લાભ થાય. મને પણ એ વિચાર ઠીક લાગ્યો.

આ પુસ્તકનું ભાષાન્તર કરવાનું કામ સાંટાક્રૂઝ ગુરુકુળ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્વાન્ અને ઉત્સાહી બ્રહ્મચારી સત્યવ્રત અને બ્રહ્મચારી નરેન્દ્રે સ્વીકાર્યું. અને તેમણે અપૂર્વ ઉત્સાહથી થોડાજ સમયમાં એ કાર્ય પાર પાડયું. તેમને સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યનું ઉંડું અને બહોળું જ્ઞાન હોવાથી મૂળ કાવ્યનું હૃદય ગુજરાતી ભાષામાં ઉતાર્યું છે. પરીક્ષાનો સમય સમીપ હોવા છતાં તેમણે પોતાના મનને આ દિશામાં રોકી જનતાને જે અપૂર્વ લાભ આપી સાહિત્યની જે નિઃસ્વાર્થ સેવા બજાવી છે તેને માટે હું તેમનો આભાર આ ઠેકાણે માન્યા સિવાય રહી શકતો નથી.

જન સમક્ષ વિવેક બુદ્ધિનો આદર્શ ખડો કરી, તેમને અસન્માર્ગમાં ઘૃણા ઉત્પન્ન કરી સન્માર્ગમાં પ્રવેશ કરાવવા સિવાય આ પુસ્તકનો બીજો ઉદ્દેશ શો હોઇ શકે !

આ પુસ્તકને માટે હું કંઇપણ લખું ત્હેનાં કરતાં સાહિત્યરસાનુભવી સહૃદયગણજ નિર્ણય આપે તેજ વધારે ઈષ્ટ સમજું છું.

પોપટલાલ.

— — -

समर्पणम् ।

—o—

श्रीमत्पूज्यपण्डितवर्य्या आचार्याः

श्रीमयाशङ्करमहोदयाः ।

तत्रभवतां श्रीमतां पवित्रपरिचयरसातिरेकादभिनवपल्लवितकवित्वांकुरेण पुनरपि, विमलविद्यावदातविविधवि[illegible]सविशदीभूतभूतार्थेन, पेयूषपूरैरिव सहवासजन्मभिरुपदेशकथानककुतूहलैः कन्दलितसमुत्साहेन, कथमप्येतमुपकारभारमपाकर्तुमकिञ्चनेन मयाऽयं समर्पितो भवदीयकरकमलयोर्नूतनः प्रबन्धाञ्जलिर्मधुकरविहारं वितनोतुतरामनुदिनम् ।

भवदीयप्रणयभाजनम्

पोपटलालः ।

———

ओंम् ।

नमो विद्यागुरुभ्यः ।

विभीषणनीति ।

अथेश्वरेण क्षणदाचराणां
दग्धुं पुरोभागिपलाशराशीन् ।
अनायि लङ्कां रघुराजपत्नी
वैतानवैश्वानरसच्छिखेव ॥ १ ॥

એવો એક સામાન્ય નિયમ છે કે મનુષ્ય જેમ જેમ બળ, બુદ્ધિ, પરાક્રમ, સંપત્તિ, અનુયાયી વગેરેમાં વધતો જાય છે, તેમ તેમ તેનું મન અસ્થિર અને બુદ્ધિ કુમાર્ગે ગમન કરનારી થાય છે. તે બળનો દુરુપયોગ કરે છે, અનુયાયીઓને દુષ્કૃત્યમાં જોડે છે. એ નિયમ મુજબ રાક્ષસોનો દુર્વિનીત રાજા રાવણ શ્રીરામ અને લક્ષ્મણજી સાથે વાસ કરતી, અગ્નિની તીવ્ર જ્વાળા સમાન મહા પવિત્ર, સતી સીતાદેવીને કપટથી લંકામાં ઉપાડી લાવ્યો. (૧)

वीर्यस्य भूमानमपास्तभारं
रामस्य हेलाहतराक्षसस्य ।
त्रैलोक्यवीरस्य शरव्रजानां
जानन्नयं नायक आशराणाम् ॥ २ ॥

कन्दर्पदर्पक्षपितस्वभावः
परेतभावं गमितस्तदानीम् ।
कृत्वाऽपकारं दुरितौघपीनं
न वेद सम्यक् कृतमात्मनीनम् ॥ ३ ॥

જો કે લંકાપતિ રાવણ, જેણે સમસ્ત રાક્ષસોનો સંહાર કર્યો છે એવા વીર રામચંદ્રના બાણોનો પ્રતાપ જાણતો હતો, છતાં પણ કામથી આંધળો થઈ સારાસારનો વિચાર ન કરતાં, આવો મહાન્ અનર્થ કરવા તૈયાર થયો હતો. નિયમ છે કે, કામી પુરૂષ પોતાનું કે બીજાનું ભલું વિચારી શકતો નથી. (૨–૩)

अशेषचेतोऽनलदाहदायी
निन्दावतारः प्रथमावगीतः ।
लङ्कापतेर्गूढचरै रनायि
विभीषणस्य श्रवणं दुरन्तः ॥ ४ ॥

સાંભળનારના મનને દાહ ઉત્પન્ન કરનારૂં, સર્વ શાસ્ત્રોથી નિન્દિત, એવું રાવણનું દુર્વૃત્તાંત જાસૂસો દ્વારા વિભીષણે સાંભળ્યું. (૪)

श्रुत्वाऽदसीयं कुटिलं महान्त
मुदन्तमुद्दंशविपाथशङ्की ।
दम्भोलिनैवाभिहतो मनस्वी
विभीषणश्चित्रमिवावतस्थे ॥ ५ ॥

રાવણનું આવું કુટિલ વર્ત્તન જાણીને, તેના મનમાં રાક્ષસ કુળના નાશની શંકા થઇ. અને પોતે શું કરવું તે ન જાણતાં, થોડી વાર સુધી મૂઢ બની ગયો. (૫)

आकर्ण्य बन्धोरपवादवादं
दारापहारोदित मुग्रसादम् ।
लज्जानतः शीलविलासशीली
ततः स निर्णेतुमना उदस्थात् ॥ ६ ॥

રાવણે સીતાનું હરણ કર્યું છે, એવો દુષ્ટ અપવાદ સાંભળીને તે મનમાં અત્યંત શરમાયો. અને આ વાત સાચી છે કે ખોટી, તે નક્કી કરવા તેણે વિચાર્યું (૬)

गच्छन् स विभ्रान्तमनाः प्रसक्त-
कलङ्कशल्यक्षतवर्णवर्मा ।
शुशोच वंशाभरणं शिवाय
विवेश लङ्केशसभां महात्मा ॥ ७ ॥

આ કલંકથી કીર્તિને બટ્ટો લાગ્યો છે, એમ સમજી દુઃખી થતો મહાત્મા વિભીષણ પોતાના કુળના કલ્યાણ સારૂ ચિંતાતુર થયો, અને રાવણની સભામાં ગયો. (૭)

प्रत्यग्रसंग्रामनिविष्टशक्र-
करोपदाभूतसुराङ्गनानाम् ।
कटाक्षवल्लीभिरनङ्गरङ्ग-
नर्टीभिरादिष्ट सुमेषुभङ्गः ॥ ८ ॥

વિભીષણે સભામાં પ્રવેશ કર્યો અને જોયું કે પોતાનો બન્ધુ રાવણ, સંગ્રામમાં હારી જઈ વશ થએલા ઇન્દ્રે મોકલેલી સુંદર અપ્સરાઓના રંગ વિલાસમાં તલ્લિન થઇ રહ્યો છે; અને અપ્સરાઓ રમણીય શૃંગારના હાવ ભાવથી તેનું મન મુગ્ધ (Fascinating) કરી રહી છે. (૮)

उत्सेधमष्टापदपीठमिद्ध-
मासेदिवान् विक्रमदर्पशाली ।
भित्त्वा मदोन्मत्तकरीन्द्रकूटं
सुमेरुशृंगं खलु केसरीव ॥ ९ ॥

રાવણ સુવર્ણના વિશાળ સિંહાસન ઉપર વિરાજમાન થઇ રહ્યો હતો. તેના પ્રતાપથી સભાના સામંતો થરથરતા હતા. તેથી તે રાવણ, મદોન્મત્ત હાથીના ગંડસ્થળને ચીરી નાખીને, સુમેરૂ પર્વતના શિખર ઉપર બેઠેલા સિંહ સમાન શોભતો હતો. (૯)

दशोत्तमांगस्फुरितान् किरीटान्
पराजितैस्त्रासितसौरसंघः ।
दिशामधीशैः महितां स्वकीर्ति
प्रशस्तिदीव्यत्पट्टिकां बभार ॥ १० ॥

તેના પ્રતાપથી દેવતાઓ પણ કાંપતા હતા, તેનાં વિશાળ દશ મસ્તકો પર સોનાના તેજસ્વી મુકુટો ચળકતા હતા. તે તેના પરાક્રમથી ભયભીત થયેલા દશે દિશાઓના દિગ્પાલોએ મોકલેલા વિજયના "પ્રમાણુ-પત્ર" (Certificate) નું ભાન કરાવતા હતા. (૧૦)

सर्वोन्नतः क्रान्तसुधांशुलोकः
सदोदयाद्दानदलत्प्रभावः ।
प्रचण्डतेजा विललास दिक्षु
त्रैलोक्यदर्शीव मरीचिमाली ॥ ११ ॥

તે રાવણે દુનિઆના તમામ રાજાઓને જીત્યા હતા, દેવો પણ તેના દાસ હતા, દિવસે દિવસે તેનો પ્રભાવ અધિક અધિક વધતો જતો હતો, તેથી ગ્રીષ્મ કાળના પ્રચંડ સૂર્ય સમાન તે સંસારને તપાવતો હતો. (૧૧)

यद्विक्रमत्रासभृतां परेषां
मृधेऽधिकर्णे गमितः कदाचित् ।
यन्नाममन्त्रः स्थगयत्यतन्त्रो
दोःस्तम्भकुम्भीनसशूरचक्रम् ॥ १२ ॥

ગારૂડીના મંત્રને સાંભળીને જેમ ફુંફાટા મારતો ભયંકર સર્પ પણ આધીન થઇ જાય છે, તેમ સંગ્રામમાં રાવણનું નામ સાંભળતાંજ તેના શત્રુઓ હાથમાંથી હથિઆરો છોડીને તેને શરણે જતા. (૧૨)

देवा यदीयांघ्रिसरोजसेवा-
हेवाविधानादररागवन्तः ।
विलासिनींविभ्रमविप्रलम्भ-
मवाप्य रागस्फुरिताशमन्तः ॥ १३ ॥

તેની પ્રબળ શકિતથી ત્રાસ પામેલા દેવો સ્વર્ગ વિલાસને ત્યજીને તેની સેવામાં એક પગે (Attentively) હાજર રહેતા હતા. (૧૩)

सुरेन्द्रसेवाहितपादपीठो
विलासिनीहासनिकाशकीर्तिः ।
सामन्तसंघातनिरीक्ष्यमाणो
विलोकितः सोऽथ विभीषणेन ॥ १४ ॥

ઇન્દ્ર જેના સિંહાસન આગળ બે હાથ જોડીને ઉભો છે, જેની કીર્તિનાં ગાન અપ્સરાઓ ગાઇ રહી છે, રાજાઓ જેના મુખ સામે એકી ટશે જોઈ રહ્યા છે, એવા પ્રતાપી, તેજસ્વી રાવણને વિભીષણે જોયો. (૧૪)

विलोक्य पूर्वं निजसोदरस्य
सभाविभागे महतीं नयश्रीः ।
तुतोष दूरीकृतनाकिसेवां
समुल्लसन्तीं निजराज्यलक्ष्मीम् ॥ १५ ॥

નીતિ વિશારદ વિભીષણ સભામાં આવતાંજ, સ્વર્ગને ત્યજી દઇ રાવણની સેવામાં હાજર રહેલી રાજ્ય લક્ષ્મીને જોઈ સંતોષ પામ્યો. (૧૫)

कृतानति दूरतयाऽवनम्र-
विलोलमौलि र्नयपारदृश्वा ।
अपेतभी दीनवनायकस्य
समीप मास्थानमतिष्ठदुक्तः ॥ १६ ॥

નીતિશાસ્ત્રના અંગ પ્રત્યંગ જાણનાર વિભીષણે સભામાં પ્રવેશ કરતાંજ નમ્રતા પૂર્વક રાવણને નમસ્કાર કર્યા, અને નિર્ભય બનીને રાવણના સિંહાસન આગળ રહેલા આસન ઉપર બેઠો. (૧૬)

ततः प्रचण्डान्तक कालदण्ड-
दोर्दण्डचण्डद्युति रेषमानः ।
स्मितामृतासिक्तपदं दशास्यो
विभीषणं हर्षवचो जगाद ॥ १७ ॥

યમરાજના કરાલ દંડ સમાન ભુજદંડથી શોભતા રાવણે વિભીષણને પોતાની સમીપ બેઠેલો જોઇને હાસ્ય પૂર્વક કુશલ સમાચાર પૂછયા. (૧૭)

अपि प्रसन्नं परमावदातं
चेतः परं नीतिविभूषणं ते ।
येनानुवारं विजयोऽपविघ्न-
माशास्यते मामकचेतसेव ॥ १८ ॥

હે ભાઇ! તારૂં પરમપવિત્ર, નીતિપરાયણ હૃદય પ્રસન્ન તો છે ને? રાત દિવસ મારા કલ્યાણનો માર્ગ શોધવામાં તું ચિંતાતુર રહે છે, તારૂં મન કુશલ તો છે ને? (૧૮)

अवाप्य वाचां पतिमादितेय-
धौरेय ऐश्वर्यमशेषमेति ।
मनीषया निर्जितभारतीशं
भवन्त मासाद्य तथाहमेमि ॥ १९ ॥

જેવી રીતે ઇન્દ્ર પોતાના શત્રુઓ સામે વિજય મેળવવા માટે બૃહસ્પતિની સલાહ લેવામાં ગૌરવ માને છે, તેમ હે ભાઈ! હું પણ સરસ્વતીના અવતાર જેવા તને મેળવીને કૃતાર્થ થયો છું. બંધો! તારીજ બુદ્ધિ અને ઉન્નત વાણીના પ્રભાવથી અત્યાર સુધી વિજયી નીવડયો છું. (૧૯)

गुणानुवादः सुधयाभिषिक्तो
गृहे गृहे ते परमश्चकास्ति ।
मन्ये परं तन्निजभागधेयं
सुदुर्लभं सम्मतबन्धुरत्नम् ॥ २० ॥

લંકા નગરીમાં તારા ગુણોનાં ગાન લોકો ઘેર ઘેર ગાઇ આનંદિત થતા માલુમ પડે છે, હે વિભીષણ! તારા જેવા દેવ દુર્લભ બંધુરત્નને મેળવીને ખરેખર હું ભાગ્યશાળી થયો છું. (૨૦)

त्वमेव लङ्काभरणं महीयो
न नास्ति सर्वस्वमिदं कुलस्य ।
अतः परं किं प्रियतामुपैति
त्वमेव मे जीवितमेकमेव ॥ २१ ॥

આ લંકાનું તુંજ અલૌકિક આભૂષણુ છે, અથવા હે ભાઇ ! આ રાક્ષસ કુલનું તું શું નથી ? તારા ગુણોનું ગાન કરવામાં મારી જીંન્હા અશક્ત છે, વધુ શું કહું ? તું જ મારૂં જીવનધન છે. (૨૧)

न नीतिरिक्तं तव कार्यमस्ति
चेष्टा न ते व्यर्थफला कदापि ।
अतः कथंकार मुदारचेताः
सभामलं भूषयिताद्य जातः ॥ २२ ॥

તારૂં દરેક કાર્ય નીતિ અને વિચારપૂર્ણ હોય છે. તારી નજીવી ક્રિયાનું પણ સારૂં ફળ આવ્યા વગર રહેતું નથી. તારા કામ કામમાં ઉદારતાનો ભાવ નજરે પડે છે. તો આજની આ સભામાં બીરાજી મારા ઉપર કઇ ઉદારતા દર્શાવવા વિચાર રાખ્યો છે ? (૨૨)

के के जिता वा सुभटा इदानीं
सहोदरेणेति विलोकनेच्छः ।
तत् पश्य बन्धो परितः प्रभीता
एते विदर्पाश्चरणे लुठन्ति ॥ २३ ॥

તારા ભાઇએ કયા કયા દેશના રાજાઓને દાસ બનાવ્યા છે, કયા કયા દિગ્પાલોને જીતી કઇ કઇ દિશાઓને વિધવા બનાવી છે, શું એ જોવાની ઇચ્છાથી હે ભાઇ ! તારૂં અહીં આગમન થયું છે ? જો તેમજ હોય તો હે ભાઇ! જો, આ પૃથ્વી ઉપરના થરથરતા રાજાઓનો સમુહ મારા પગમાં પડી રહ્યા છે. સર્વ દિશાના દિગ્પાલો મારી સેવામાં પોતાનું ગૌરવ સમજતા અહીં ઉભા છે. (૨૩)

केषां न केषां मणिशीलितेषु
विलासिसंकेत निकुञ्जितेषु ।
प्रत्यर्थिनां वीतभयाः कुरंगाः
सौधाग्रशृंगेषु तृणं चरन्ति ॥ २४ ॥

જે મહેલોનાં રત્ન અને સ્ફટિકથી જડેલી ભીંતોવાળાં દિવાનખાનામાં મદોન્મત્ત રાજાઓ સુન્દરીઓ સાથે વિલાસ કરવામાં કાળક્ષેપ કરતા હતા, તેવા આકાશ સાથે વાતો કરતા, ચંદ્રના કિરણો સમાન ઉજ્જવળ મહેલો મારા પ્રભાવથી આજે ખંડિયેરો બની જઈ હરિણો માટે ઘાસ ઉગવાનાં ખેતરો બની ગયાં છે. (૨૪)

विमानचारं गगने न लेखा-
रेखाप्रमाणं गमनं भजन्ते ।
इति क्षणं मे विजयं निपीय
न किं सुधासिन्धुतरंगमग्नः ॥ २५ ॥

મારા નામની કીર્તિને સાંભળીને જ અત્યંત ત્રાસ પામેલો દેવોનો સમૂહ પણ મારી અનુમતિ વિના વિમાન માર્ગે આકાશમાં રજમાત્ર પણ હરીફરી શકતો નથી. આવો મારો પ્રભાવ જોઈને, હે ભાઇ! શું તું આનંદ સાગરમાં મગ્ન નથી થતો? (૨૫)

इति स्ववीर्यप्रभुताप्रशंसा-
परंपराकर्णन जातहेलः ।
विभीषणः पुण्यवरेण्यकर्मा
शर्मालयः सांजलिराबभाषे ॥ २६ ॥

આવી રીતે પોતાના ભાઇની શકિતનાં વારંવાર વખાણ સાંભળીને થાકી ગયેલા વિભીષણને રાવણ ઉપર તિરસ્કાર ઉત્પન્ન થયો. પવિત્ર કાર્યમાં સદા તત્પર, અહોનિશ શાંતિના સ્થાન રૂપ વિભીષણ બે હાથ જોડીને નીચે પ્રમાણે બોલ્યો. (૨૬)

अयं वचो वक्ष्यति नीतिपूत
मिति श्रुताकर्णनराक्षसीन्द्र ।
अजायत श्रान्तरवा सभा सा
वेलेव सिन्धोर्मथनावसाने ॥ २७ ॥

નીતિ વિશારદ વિભીષણ જરૂર ન્યાયયુકત વચન કાઢશે, એવા દૃઢ વિશ્વાસ વાળી, દેવો રાક્ષસો અને રાજાઓની સભા સાંભળવાને આતુર થઇ રહી. (૨૭)

किंचिन्निजं सुन्दरहेमपीठं
नीत्वा समीपं सहजस्य वीरः ।
अर्धोत्थितो यातुनिकायचन्द्र
उवाच पश्चादपवादरिक्तम् ॥ २८ ॥

પોતાના ભાઇના સિંહાસનની પાસે પોતાનું સુવર્ણથી મઢેલું આસન લઇ જઇને, રાક્ષસ કુલ દિવાકર વિભીષણ શુદ્ધાંતઃકરણથી નીતિના સાર રૂપ, ધર્મના નિચોડ રૂપ, પવિત્રતાના સ્થાન રૂપ, અનેક શાસ્ત્રોના વિલોકનથી ગંભીર અને અનુભવોથી પૂર્ણ વાણી બોલ્યો. (૨૮)

हे विश्वविख्यातविशालकीर्ते
हे वीर रक्षःकुलचण्डमूर्ते ।
संवीक्ष्य ते शौर्यविहारलक्ष्मी
मानन्दसन्दोहजडीकृतात्मा ॥ २९ ॥

હે ભાઈ! તારી કીર્તિ દશે દિશાઓને ઉજ્જવળ કરી રહી છે. હે રાક્ષસકુળના પ્રતાપવાન સૂર્ય! તારા અતુલ વીર્યથી જીતાયેલી આ ત્રૈલોકયની રાજલક્ષ્મીને જોઈને હું તો ખરેખર દિઙ્મૂઢ થઈ ગયો છું. (ર૯)

एते सुरा निर्जितवैरिपूरा
घनावलेपाः मथनैकशूराः ।
त्वदीयपादाम्बुजवन्दनेषु
स्वभाग्यलेखां परिघर्षयन्ति ॥ ३० ॥

અમૃતનું પાન કરવાથી અમર બની ગયાનું અભિમાન કરવાવાળા આ દેવો, જેમણે પૂર્વે રાક્ષસકુળને જીત્યું હતું, તે દેવો ત્હારા વીર્યથી પરાજીત બની જઈ, પોતાની ભાગ્ય-રેખા ત્હારા ચરણમાં ઘસી રહ્યા છે, તે જોઈ મ્હારા હૃદયમાં તો આનંદસાગર ઉછાળા મારી રહ્યો છે. તેથી હે વીર! ત્હારા કલ્યાણને માટે, પૌલત્સ્યકુળની રક્ષા માટે બ્રહ્મ-કુળને યોગ્ય એવું કંઈક કહેવા માગું છું. (૩૦.)

अलं स्वसंभावनयाऽनया ते
प्रस्तावरिक्ताऽस्ति कथा वृथैव ।
स्वयं जगद्वेत्ति चरित्रसारै
र्जनं परं योग्यमयोग्यमेव ॥ ३१ ॥

હે ભાઇ! હું ત્હારા સમસ્ત પ્રભાવને સારી રીતે જાણું છું, કે જેને લીધે તું સંસારમાં પ્રસિદ્ધ થયો છે; કિન્તુ આ સમયે હું ત્હારી બડાઇ સાંભળવા કે જાણવા આવ્યો નથી. તથા સમન વિનાની નકામી પ્રશંસા તો પોતાની તુચ્છતાજ સૂચવે છે. કારણ કે સંસાર પોતેજ શીલ, સદાચાર, સચ્ચરિત્રવડે યોગ્યાયોગ્ય મનુષ્યની કદર કરી લે છે, તેમાં કહેવાની જરૂર હોતી નથી. 'હાથના કંકણ માટે આરસી શા કામની'? (૩૧.)

विधाय किंचित् सुकृतं जगत्यां
विकत्थनाशास्पृहयालु रंग ? ।
अकीर्ति मभ्येति जनस्तदन्ते
दीपो यथा कज्जलकालिमानम् ॥ ३२ ॥

હે ભાઇ! કોઇપણ મનુષ્ય થોડુંક સારૂં કામ કરી, બાહુબળથી કીર્તિ મેળવી ગર્વિષ્ટ બની જાય-પોતાના જ અભિમાનમાં ચકચૂર રહે, તો તે અન્તમાં અકીર્તિ-અપવાદને જ પામે છે. દીપક અલ્પ સમય પર્યંત પ્રકાશ આપી અન્તે તો કાજળજ કાઢે છે. (૩૨.)

न के जगत्यां निजकीर्तिहेतो
र्जना यतन्तेऽविजितेन्द्रियार्थाः ।
कृत्वाऽपि लोकातिशयं चरित्रं
मनस्विनस्ते हृदि शीलयन्ति ॥ ३३ ॥

તથાપિ હે રાવણ! આ સંસારમાં એવો કોણ છે, કે જે કીર્તિ મેળવવા આતુર ન હોય? કિન્તુ જેની ઇન્દ્રિયો વશ નથી, જે મનને રોકી શકયો નથી, તે મનુષ્ય શું કોઇ દિવસ

કીર્તિને પામ્યો છે ? જરા વિચારી તો જો. કીર્તિને ઇચ્છતા મહાન્ પુરૂષો તો સંસાર પ્રત્યેની પોતાની ફરજ એવી ગુપ્ત રીતે બજાવે છે કે કોઇ જાણી શકતા નથી ! ખરેખર, એવા મહાપુરૂષોને ધન્યવાદ ઘટે છે ! (૩૩.)

स्वसंपदुत्कर्षविलोकनेन
तिरस्कृताचारविशुद्धशीलाः ।
प्रशस्तवंशाग्रविकासिवीर्या
भवन्ति दाहाय कुलस्य किन्तु ॥ ३४ ॥

લંકાપતિ ! સાંભળ, જે પોતાના ભવિષ્યનો વિચાર કરતો નથી, પરિણામ જોતો નથી, કિન્તુ સહસા મળી ગયેલી સંપત્તિના અભિમાનથી સારાસારનો વિચાર છોડી દઇ, પવિત્ર સદાચારને ત્યજી દઇ, અવળે માર્ગે જાય છે, તેવા પુરૂષો ભલેને સમાજ, રાષ્ટ્ર કે કુળના અગ્રેસરો હોય, તોપણ તેઓ સમસ્ત સમાજ, રાષ્ટ્ર કે કુળનું સત્યાનાશજ કરી મૂકે છે. (૩૪.)

आब्रह्म सद्ब्रह्मपवित्रतीर्थे
शुद्धेऽविरुद्धेऽथ पुलस्त्यवंशे ।
त्वत्तः कदाचारमयात् प्रविष्ट
आसंसृतेर्घोरतरः कलंकः ॥ ३५ ॥

હે વીર રાવણ ! શું કહું ? કહેતાં મ્હારી જીહ્વા ઉપડતી નથી. અરે ! જે વંશ બ્રહ્માથી લઇ અત્યાર સુધી વેદવિહિત સદાચારથી પવિત્ર થયેલો હતો, જેમાં ઉત્પન્ન થયેલા પવિત્ર પુરૂષોએ જેની કીર્તિ સર્વત્ર પ્રસરાવી હતી, તેવો આ પુલસ્ત્ય મુનિનો શુદ્ધ વંશ, હે ભાઇ ! ત્હારા

જેવા દુરાચારીએ કલંકિત કર્યો છે, કે જે કલંક કોઇ દિવસ ટળી શકશે નહિ. (૩૫.)

लेखावलीगीतपवित्रकीर्ति
जगद्विभूषाऽस्ति पुलस्त्यवंशः ।
त्वया कुराचारजुषाऽधमेन
नीतोऽसुरत्वव्यपदेशभूमिम् ॥ ३६ ॥

દેવતાઓ જેની કીર્તિના ગુણગાન મુક્તકંઠે કરતા, સંસાર જેના પવિત્ર આચારનું ઉદાહરણ લેતો, તે જ પુલસ્ત્ય મુનિનો વંશ ત્હારા વડે આજ રાક્ષસવંશના નામે ઓળખાય છે! આથી વધારે દુઃખ બીજું શું હોઇ શકે ? (૩૬.)

तपः सुधासेकविवर्धमाने
विरंचिमूले कुलनन्दनेऽस्मिन् ।
नृशंस सर्वक्षयकारि हन्त
कलंकहालाहलबीजमुप्तम् ॥ ३७ ॥

રાવણ! આપણા પૂર્વજોના પવિત્ર તપરૂપી અમૃત પ્રવાહવડે સીંચાએલા સર્વ ઋષિઓમાં શ્રેષ્ઠ પૂજ્ય બ્રહ્મા-થી ઉદ્ભવેલા, આ આપણાં કુળરૂપી નિર્મળ નન્દનવનમાં, હે ભાઇ! તેં આ કલંકરૂપી હલાહલ વિષનું બીજ વાવ્યું છે; કે જેનાથી સંપૂર્ણ કુળનો નાશ થશે. (૩૭)

अद्य क्रियाः पुण्यतमा विनष्टाः
पराङ्मुखा वा कुलपूर्वजाताः ।
मन्ये श्रिया निर्जरशात्रवाणां
प्रतिक्षणं चंचलया बभूवे ॥ ३८ ॥

મને જણાય છે કે આજથી પુલસ્ત્યકુળની પવિત્ર તપશ્ચર્યાનો નાશ થયો, અથવા વડીલોની કૃપાદૃષ્ટિ ઓછી થઇ, અથવા ઘણા દિવસથી સ્થિર થયેલી રાક્ષસકુળની રાજ્યલક્ષ્મી આપણાથી વિમુખ થઇ છે; જેને લીધે ત્હને આવી માઠી (સીતાહરણની) બુદ્ધિ સુઝી. (૩૮.)

तथा प्रतापस्तव गर्हणीयः
समस्तसंत्रासविषाददायी ।
यशोऽवदाता गुणशौर्यभाजो
वीरा जगत्त्राणपरा भवन्ति ॥ ३९ ॥

હે વીર ! ત્હારો પ્રતાપ નિત્ય વધતો જ જાય છે, જેને લીધે સમગ્ર સંસાર ચિન્તામાં પડ્યો છે. રાવણ ! જરા વિચાર કર, હૃદયને સ્થિર કર, યશને ઇચ્છતા વીરપુરૂષો તો સંસારની રક્ષા કરતા હોય છે. (૩૯.)

अहो कथं नीतिपथं विहाय
विनिर्मितं साहसकर्म बन्धो ।
वितन्वता पावकरीति कृत्यं
कुले कृतः किं न हि भस्मलेपः ॥ ४० ॥

હે બન્ધો ! મને તો એ જ આશ્ચર્ય થાય છે કે અનેક શાસ્ત્રનાં અવલોકનથી નિર્મળ બનેલું ત્હારૂં હૃદય નીતિના માર્ગને ત્યજી દઇ, આમ એકાએક પાપમાર્ગમાં કેમ ગયું ? આ ભભકતી અગ્નિજ્વાળામાં હાથ કેમ નાંખ્યો ? (૪૦)

धिक् तं सुतं श्यामचरित्रनीचं
प्रसूत माधारकलंकहेतुम् ।
येनामृतज्योतिरिव स्ववंशः
पवित्रशीलै रवगीयते हा ॥ ४१ ॥

અસુરનાથ ! નિન્દનીયચરિત્ર, પોતાનાં દુષ્ટચરિત્રથી સ્વવંશનું અપમાન કરાવનાર પુત્રને ધિક્કાર છે, કે જેના જન્મથી ચન્દ્ર જેવો શુદ્ધવંશ કાળો પડી જાય. વિદ્વાનો જેની અવગણના કરે ! (૪૧.)

नीतौ निषिद्धः खलु कामचारो
दारापहारः सुतरां नृपस्य ।
कुलं च शीलं च निजं दुरन्तः
स एव सर्वं दहतीति मन्ये ॥ ४२ ॥

હવે જરા રાજ્યનીતિનો વિચાર કર, તેનાં રહસ્યને સમજ. નીતિમાં તો રાજાને માટે કામચાર-સ્વછંદીપણું સર્વદા નિષિદ્ધ જ છે. એટલે કે પ્રજાનું કલ્યાણ કરવા ઇચ્છતા રાજાએ અભિમાનમાં આવી કોઈ દિવસે સ્વછંદી થવું નહિ. સ્વછન્દતા એ રાજાનું મોટું દૂષણ છે. તેમાં-પણ ' પરદારગ્રહણ ' તો સર્વદા નિન્દિત જ છે. કેમકે પરદારગ્રહણ પોતાના કુલ, શીલ, સર્વને ભસ્મ કરે છે. (૪૨.)

कामाभिभूतो नृपति र्नवेत्ति
हितं ततः स्वैरविहारमेति ।
स्वाच्छन्द्यमाप्तो गजवन्निगूढे
पतत्यवश्यं परितापगर्ते ॥ ४३ ॥

હે ભાઈ! જ્યારે જ્યારે રાજા કામવૃત્તિથી આંધળો થઇ જાય છે, ત્યારે ત્યારે તે પોતાનું કે પ્રજાનુ હિત વિચારી શકતો નથી. કિન્તુ ગમે તેવી રીતે પોતાના મનોરથો પૂર્ણ કરવા મથે છે, પ્રજાને પીડે છે, અને સ્વછંદતાથી જુલમ કરવા લાગે છે. અન્તે પોતાનું કર્તવ્ય ભૂલી જઇ ગાંડા હાથીની પેઠે અનર્થ—દુઃખના વિશાળ ખાડામાં પડે છે. (૪૩.)

नराधिपा ये विनयांचितानां
वचो न शृण्वन्ति सदानुकूलम् ? ।
अवाप्य दुर्वार मनर्थबन्धं
सीदन्ति संन्यस्तबुधोपदेशाः ॥ ४४ ॥

જે રાજાઓ 'હું બુદ્ધિમાન્ છું, પ્રતાપી છું' એવા ખોટા અભિમાનથી દબાઈ જઈ હિતૈષી વિદ્વાનોની શીખામણને માનતા નથી, પોતાનું જ કર્યે જાય છે, તે અન્તમાં દુઃખ પામે છે. તેનો વિચાર તારે તો કરવો જ જોઈએ. (૪૪.)

उपैति कीर्ति जनरक्षणेन
तदेव भूपालनिबोधकं स्यात् ।
निखात सद्गौरवरम्ययूपः
परं महीमण्डनमस्ति भूपः ॥ ४५ ॥

લંકાપતે,! પ્રજારક્ષણ એ જ રાજાની સાચી કીર્તિ છે. ઉપરના ખોટા દબદબાથી કીર્તિ મળી શકતી નથી. તથા રાજા એ કોઇ એવી વસ્તુ નથી કે જે નિત્ય રહી શકે. કિન્તુ જે પ્રજાનું હિત ચાહે, દુઃખમાંથી બચાવે, હૃદયની દાઝ જાણે, તે જ ખરો રાજા છે, અને તેવા રાજા-

ને જ પ્રજા પોતાનો પિતા ગણી પૂજે છે. અને તેના ગૌરવને વધારે છે. (૪૫.)

यं लोकलज्जाकुलमानहीनं
भुजाभिमानः कवलीकरोति ।
ततो जगत्त्रस्यति नीचवृत्तेः
क्षयस्य हेतोरिव धूमकेतोः ॥ ४६ ॥

હે ભાઇ ! જે રાજા પોતાના દુષ્ટ નીચ સ્વાર્થને માટે લોકલજ્જા, કુલમર્યાદા, અને ધર્મશાસ્ત્રને તજી દઈ સ્વછન્દ રીતે વર્તવા લાગે છે તથા જેને બાહુબળનું અભિમાન આવી જાય છે તેવા સ્વાર્થી પિશાચવૃત્તિવાળા ક્રૂર રાજાથી પ્રજા સદા ભય પામે છે. ખરેખર તેવો રાજા તો ધૂમકેતુના સમાન સંસારને ત્રાસ આપવા જ ઉત્પન્ન થાય છે. (૪૬.)

अपथ्यकारी जनशक्तिहारी
विशिष्टयोगैरपि भीतिकारी ।
वृद्धिं गतो रोग इवाधिहेतु
र्नृपः सदा कस्य न पीडनाय ॥ ४७ ॥

પ્રજાનું અહિત કરનાર, પ્રજાની સમાજિક શક્તિને ક્રૂર નીતિથી ખેંચી લેનાર, અનેક પ્રકારના જુલમોથી ત્રાસ આપનાર, ક્રૂર રાજા તો પ્રજાનો શત્રુ જ છે. અને જેમ ક્ષયરોગ વધતો વધતો નાશ કરે છે, તેમ રાજા પણ બળ પામી પ્રજાનો નાશ કરે છે. (૪૭.)

संवर्धनीयो वसुधाधिपेन
जनस्य सद्धर्मयशः प्ररोहः ।

सपल्लवा कीर्तिरियं नृपाणां
प्रजोदयः शीतकरश्चकास्ति ॥ ४८ ॥

રાજાનું કર્તવ્ય છે કે તેણે પોતાના પવિત્ર ન્યાયથી, આચારથી પ્રજામાંથી પાપ દૂર કરી પ્રજાને ધાર્મિક બનાવવી જોઇએ, કારણ કે પોતાની કીર્તિનો આધાર પ્રજા ઉપર જ હોય છે. જો પ્રજા ધાર્મિક, શિક્ષિત અને ન્યાયપરાયણ હોય તો જ રાજાએ પોતાનું કર્તવ્યપાલન કર્યું છે એમ કહી શકાય. (૪૮.)

अयं स्वधर्मः श्रुतिसिद्ध एव
प्रजाविपद्व्यूहनिवारणं यत् ।
स एव दाता विपदां यदि स्यात्
तदा समस्तं जगदाकुलं स्यात् ॥ ४९ ॥

વેદાદિ પવિત્ર શાસ્ત્રો તો એ જ સૂચના કરે છે કે તન, મન, ધનથી પ્રજાની વિપત્તિ દુર કરવી જોઇએ. પ્રજાના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખ માનવું જોઇએ. કારણ કે પ્રજાનું સર્વસ્વ રાજા જ હોય છે. જો રાજા જ પ્રજાનું ભક્ષણ કરવા લાગે તો પ્રજા કોના શરણમાં જાય ? અને જો રાજા પ્રજાની આહ ન સાંભળે તો સંસારમાં ત્રાસ, વિપત્તિ, અન્યાયનું ઠેકાણું જ ન રહે. સર્વત્ર અવ્યવસ્થા જ થઇ જાય કે જેનું પરિણામ બન્નેએ મુંગે મોઢે સહન કરવું પડે. (૪૯)

पुरातनानां विशदं नृपाणां
पवित्र पुण्योदयगुम्फितानाम् ।
परं न गुर्वीमवहेलनां स
मार्गे निमग्नेऽग्र निजेऽपि मत्तः ॥ ५० ॥

અને જે રાજા પોતાનું ખરૂં કર્તવ્ય ભૂલી જાય છે, નીતિ છોડી અનીતિને મુખ્ય માની લે છે. પ્રજા રક્ષણ કરતાં પ્રજાભક્ષણને મહત્વ આપે છે, તે રાજા ગમે તેવો પ્રતાપી હોય તોપણ પ્રજાનાશ સાથે પોતાનો પણ નાશ કરી લે છે. હે ભાઇ! તું શું આ નથી જાણતો. ? (૫૦)

प्रजाः प्रजा एव विलोकनीयाः
कदापि ता नो परिकोपनीयाः ।
तासां महीपालनिपीडितानां
क्रोधानलो नाशयति क्षितीशम् ॥ ५१ ॥

હે રાવણ! જરા નીતિશાસ્ત્રનો વિચાર કરી જો. રાજાએ પોતાની પ્રજાને પુત્ર જેવી જ ગણી પાળવી જોઇએ. સદા તેના અભ્યુદયના માર્ગ ખુલ્લા રાખવા જોઇએ. તેમ ન થાય તો રાજાના ત્રાસથી પીડાએલી પ્રજાશક્તિ, ભભકતી અગ્નિ જ્વાળા જેમ રાજાનો નાશ કરે છે. (૫૧.)

वाचा हृदा निर्मलकर्मणा च
नित्यं प्रजारक्षणजागरूकः ।
उदारचेता नयमार्गगामी
भूपालवंशाभरणं नरेन्द्रः ॥ ५२ ॥

વાણીથી, હૃદયથી, અને પવિત્ર વ્યવહારથી સર્વદા પ્રજાની ઉન્નતિના વિચારમાં લીન રહે છે, મારી પ્રજા કેમ સુખી થાય એવી જેને લાગણી રહે છે, અને જેનું ઉદાર હૃદય પ્રજાના દુઃખને દેખી દ્રવિત થાય છે, ખરેખર તે સાચો રાજા છે—પ્રજાનો રક્ષક પિતા છે (૫૨.)

नीतिक्षतो नो नृपतिः प्रशस्यो
नीति र्न तेजोरहिता नमस्या ।
तेजो जनोद्वेगकरं न शस्त
मतो नृपत्वं परिगूढतत्त्वम् ॥ ५३ ॥

તું સર્વ જાણે છે કે રાજનીતિ કેટલી ગુંચવણ ભરેલી છે, જેને સમજવામાં વિદ્વાન્ પુરૂષોપણ ચક્કરમાં આવી જાય છે. રાજા થવું એ કાંઇ બાળકની રમત નથી. રાજા જો નીતિને ત્યજી એક પગલું પણ આડું અવળું ભરે તો પ્રજા તેના તરફ ક્રૂર દૃષ્ટિથી જુવે છે. તથા તેજ વિનાની રાજનીતિ પણ કશા કામની નથી. અને તેજ પણ પ્રજાને પીડાકારક ન હોવું જોઇએ, અર્થાત્ આ સઘળું પોતપોતાની મર્યાદામાં જ ઠીક લાગે છે. માટે સર્વ શાસ્ત્રો રાજનીતિને ઘણી ગંભીર જણાવે છે. (૫૩.)

भवादृशः शास्त्ररहस्ययुक्ताः
श्रुतामलाचारसुकर्णधाराः ।
निषिद्धमाचारमथाचरेयु
र्हा हन्त नष्टः खलु धर्ममार्गः ॥ ५४ ॥

એવા ઘણાએ રાજાઓ છે. કે જેઓ સ્વાર્થમાં આંધળા બની, પ્રજાની દાઝ ન ધરતાં, અન્યાય કરી પોતાનો નાશ વ્હોરી લે છે. કિન્તુ હે ભાઈ! ત્હારા જેવા શાસ્ત્ર રહસ્યને જાણનાર જો નીતિ છોડી અનીતિને સેવે, તો પછી ન્યાય માર્ગ પર કોણ ચાલશે ? કારણ કે, ‘ यथा राजा तथा प्रजाः ’ હોય છે, તો હજી પણ સ્હમજી જઈ રામને સીતા પાછી આપ તો ઘણું સારૂં ! (૫૪.)

प्रचण्डवाताभिहताभ्रतुल्यं
विनाशिसौख्यं वसुधाधिपत्यम् ।
आपातरम्यो विषयोपभोगो
धर्मः सहायः परलोकयाने ॥ ५५ ॥

રાજાએ રાજ્ય પામી ગર્વ કરવો ન જોઇએ. આ વસુધાધિપત્ય-પ્રજા ઉપરની માલેકી (Sovereignty) તો આજ છે ને કાલે નથી. જેમ આકાશમાં ઘુમતા મેઘો વાયુના પ્રચંડ ઝોકાથી છિન્નભિન્ન થઇ જાય છે, તેમ ઘણા રાજાઓ અન્યાયથી પોતાનું સત્વ ગુમાવી ચૂકયા છે, એમ ઇતિહાસથી સહજ જણાઇ આવે છે. તથા રાજ્ય એ કંઈ પોતાની દુષ્ટ કામવાસના તૃપ્ત કરવા મળેલું સાધન તો નથી જ રાજ્ય તો પ્રજાના ઉદય સાથે પોતાનો ઉદય કરતાં શિખવાની પાઠશાળા છે ! (૫૫.)

स एव लोकद्वयपूजनीयो
मनस्विसंदोहनिषेवणीयः ।
धर्मो हतश्चेन्मनुजेन पूतो
निजोऽपि तावत्समकालमात्मा ॥ ५६ ॥

કારણ કે સંસારના સર્વ પદાર્થો નાશવંત [Momentary] છે. ત્હેના લોભમાં આવવું એ વિદ્વાનોને છાજે નહિં, કિન્તુ ધર્મ એ ઉભય લોકનો સાધક છે. જે મનુષ્ય ધર્મનો નાશ કરે છે તે પોતાનો નાશ કરી લે છે એમાં કશો શક નથી. (૫૬.)

दारापहारं ननु कुर्वतेमं
स्वतो विनाशः खलु लब्धकल्पः

अयं दुराचारमयो निपातः
पदे स्वकीयेऽथ कुठारघातः ॥ ५७ ॥

બન્ધુ ! ત્હેં કંઇપણ વિચાર ન કર્યો કે હું શું કરૂં છું ? અરે આ દુષ્ટ કામ કરતાં તો ત્હેં ત્હારા પગપર જ કુઠારાઘાત કર્યો છે ! આવા નીચ કૃત્યથી તું ત્હારૂં ભલું કરી શકીશ નહિં. (૫૭)

अहो परैः कृच्छ्रतयोपनीतं
त्वदीयकृत्यं सकलर्षिमान्यः ।
श्रुत्वाऽन्वयौन्नत्यपरायणः स
पितामहोऽपुत्रदशां वरीता ॥ ५८ ॥

અરે રે ! જ્યારે ત્હારા આ દુરાચારની વાત પૂજ્ય બ્રહ્માજીને કાને પડશે, ત્યારે તેની શી દશા થશે ? તેનું હૃદય કેવું દુઃખી થશે ? ખરેખર વંશના અભ્યુદયની ત્હેની સર્વ આશા ધૂળમાં મળી જશે ! અને એજ ઇચ્છશે કે આવા પુત્ર કરતાં વાંઝીયાપણું ઘણું સારૂં, કેજેથી કુળને કલંક તો ન લાગે ! (૫૮.)

वेदार्थवक्ता नियमप्रवीणो
वरेण्य ऐश्वर्यवतां विपश्चित् ।
भवादृश श्चेत्कुलदोषदायी
पुत्राय दत्तांजलिरेव लोकः ॥ ५९ ॥

હે રાવણ ! ત્હારા જેવો વેદના ગંભીર રહસ્યને જાણનાર, શાસ્ત્રના આચારને સમજાવનાર, પવિત્ર બ્રાહ્મણ કુળમાં જન્મ પામેલ, આવું ઘોર પાપ કરે તો સાધારણની

તો શી વાત ! અને જ્યારે તારી આ અપકીર્તિ દેશમાં ફેલાશે, ત્યારે સમસ્ત સંસાર ત્હારા જેવા દુષ્ટ પુત્રને ધિક્કારશે ! (૫૯.)

अवप्त रात्रिंचरनाथ वंशे
हतं दुराचारमयं च बीजम् ।
तस्मादलर्कग्रहिलादशेषः
कीनाशवश्यो भविता स्ववंशः ॥ ६० ॥

હે રાક્ષસનાથ ! ત્હેં ઘણું સાહસીકકામ કર્યું છે. ખરેખર, આનું પરિણામ ઘણું ભયંકર આવશે. આ વિષ સમાન દુરાચારથી સમસ્ત રાક્ષસવંશ યમને વશ થશે, રામના પ્રચંડ બાણોથી રણમાં રોળાશે ! (૬૦)

उद्घाटितं द्वारमिदं यमस्य
नक्तंचराणां निधनाय गन्तुम् ।
लंकापते एकपदे विनाशः
संभावितः केन पुराऽयमासीत् ॥ ६१ ॥

હે લંકાપતે ! મને ઘણો ભય લાગે છેકે, હવે રાક્ષસ વંશ નષ્ટ થશે. કારણકે ત્હેં આજથી રાક્ષસવંશનો નાશ કરવા પોતાના હાથથીજ યમનું બારણું ઉઘાડયું છે. તેથી શુભ પરિણામ તો કયાંથીજ આવે ? અહો ! બ્રહ્માના કુળની અંતે આવી દશા થશે, એમ કોણે વિચાર્યું હશે ? (૬૧)

अनेक पुण्यप्रचयै दुरापे
द्विजन्मनां भव्यतमे कुलेऽस्मिन ।

सरोरुहाणामिव शीतपातः
कथं दुराचारयुगाविरासीत् ॥ ६२ ॥

શીતકાલ જેવી રીતે ખીલેલાં મનોહર કમળોનો નાશ કરે છે, તેવી રીતે અનેક પુણ્ય કર્મ કરવાથી પણ ન મળી શકે તેવા. બ્રાહ્મણના વંશમાં ત્હારા જેવા નીચ કર્મ કરતા મહાપાપીનો જન્મ શા માટે થયો ? (૬૨)

अधीतवेदप्रणयानुविद्धं
मनः कथं पापपथे प्रवृत्तम् ।
कालत्रयोपार्जितपुण्यपुंज-
विकासिवल्लीवलयाश्रयाशे ॥ ६३ ॥

હે ભાઇ ! વેદના અધ્યયનથી સદા પવિત્ર થયેલું ત્હારૂં મન આવા દુરાચારમાં કેમ જઇ પડયું ? એ તો જાણતોજ હોઈશ, કે, આ દુરાચાર, પુણ્યકર્મ કરી વધેલી યશરૂપી કોમળલતાને કાપી નાખનાર કુઠારજ છે. (૬૩)

आनन्दयित्री जगतां जनानां
सदा सवित्री कुलवैभवस्य ।
कीर्तिः पुलस्त्यस्य तमिस्त्ररेखा-
सगोत्रभूयं वितनोतु लोके ॥ ६४ ॥

હે દશાનન ! જગતના પ્રત્યેક મનુષ્યને આનંદ આપનારી, કુળવૈભવને વધારનારી, પુલસ્ત્ય મુનિની ઉજ્વલ કીર્તિ, ત્હારા આ પાપ પૂર્ણ આચારથી કાળી મેશ સમાન થઈ ગઇ છે. લોકમાં નિન્દાય છે. (૬૪)

अशेषवेदस्तवगीतपूतं
सरस्वतीसीमनि दत्तयूपम्
संरक्षितुं को विभुरादिसिद्धं
जनापवादार्णवपंकमग्नम् ॥ ६५ ॥

સમસ્ત વેદના સહવાસથી નિર્મળ થયેલા, વિદ્યાના સ્તંભ સમાન, મહાતપસ્વી કુલગુરૂ બ્રહ્માજી, ત્હારા આ વ્યવહારથી ઉત્પન્ન થયેલા અપવાદરૂપી મહાસાગરમાં ડુબી ગયેલા છે, તેને બચાવવા કોણ સમર્થ છે? પોતાને મહાન આઘાત પહોંચ્યો છે. (૬૫)

श्रुती कराभ्यामपिधाय वर्यो
जनांगुलीभिर्बहु दर्श्यमानः ।
एतस्य वंशेऽजनि रावणो हा
कथं सलज्जः पिदधातु नेत्रे ॥ ६६ ॥

તેજ બ્રહ્મા, ત્હારાવડે કલુષિત થયેલા કુળની નિંદા ન સંભળવાની ઈચ્છાથી, પોતાના બન્ને હાથથી પોતાના બન્ને કાન તો ઢાંકી રાખશે, પરંતુ રાવણ આ બ્રહ્માના કુળમાં જન્મ્યો છે, એમ નિંદા કરતા મનુષ્યો પોતાના તરફ આાગળી કરી દ્રષ્ટિથી જોશે, ત્યારે આંખને કેમ ઢાંકી શકશે? ત્હારા આ દુરાચારથી તે પણ લજાય છે, માટે ત્હારા જેવા કુળકંટક ને ધિક્કાર છે! (૬૬)

अतीतचारित्र्यपवित्रकर्म-
समुद्घतानामपवादकारी ।
पापेन शापेन च पापभाजां
समुद्भवो वंशविनाशहेतुः ॥ ६७ ॥

હે અસુરનાથ ! નિર્મલ આચારને ત્યજી સ્વતંત્ર રીતે ભોગાભિલાષથી ભટકનારા, ત્હારા જેવા કુળ પાંસુલ પુત્રોનો જન્મ ત્યારેજ થાય છે કે જ્યારે પાપ કે શ્રાપ થી વંશની અધોગતિ થવાની હોય ! (૬૭)

कथं तिरश्चीन मपायधावि
विपद्गतः कर्म बुधः करोति ।
आलिंगितस्यानलरोचिषाऽपि
कर्पूरखण्डस्य हितो हि गन्धः ॥ ६८ ॥

વિદ્વાન ગમે તેવા સંકટમાં આવે તો પણ ભવિષ્યમાં અવનતિ કરનારૂં નિંદાવધારરૂં, દુષ્ટ કામ કરેજ નહિ, કે ક્ષુદ્ર સ્વાર્થને માટે પોતાનો ઉજ્વલ યશસ્વી સ્વભાવ છોડે જ નહિં. કર્પૂર અગ્નિમાં બળે છે. છતાં સ્વાભાવિક સુગંધિ છોડતું નથી. (૬૮)

निःशर्ममर्माहति दारुणोऽयं
जानीहि लंकाधव कामचारः ।
अनेन भावी सकलस्य नाशः
वृक्षस्य कीटेन यथा समग्रः ॥ ६९ ॥

હે લંકાપતે ! આ ત્હારૂં સાહસ સર્વથા સર્વને પીડનારૂં થશે. કુળ, એકજ વીરપુરૂષથી વખણાય છે અને એકજ પાપીથી કલંકિત થાય છે. તે નિયમ મુજબ ત્હારા આ કુકૃત્યથી સમસ્ત કુળનો નાશ થવાનો છે. શું એક નાનો સરખો કીડો વૃક્ષને નથી છેદી નાખતો ? (૬૯)

जनःसदाचारमयं पवित्रं
विहाय पन्थान मवश्यचेताः ।
अपाकरिष्णुः सुखमात्मनीनं
विपत्तिविस्फूर्जथु मभ्युपैति ॥ ७० ॥

મનુષ્ય જ્યારે ઇંદ્રયોને વશ થાય છે, રસદાયક વિષ-યોમાં તલ્લિન થઇ પોતાનું કર્તવ્ય ભૂલી જઇ- સારાસાર વિચાર ત્યજી દઇ યથેષ્ટ વિહાર કરવા લાગે છે એટલે તેનાથી લક્ષ્મી દુર ખસે છે, અને વારંવાર દુઃખના વિશાળ પહાડો ઓળંગવા પડે છે, છતાં પણ પાપી પુરૂષ ઇંદ્રિયરસમાં આંધળો બની જાય છે એને સર્વ-સ્વનો નાશ કરી બેસે છે. (૭૦)

अहो दुराचार मिमं वितन्वन्
न वारितः किं सचिवै स्तदानीम् ।
निवेदितं किंनच गूढचारै
रुपागतो राम इहाब्धितीरम् ॥ ७१ ॥

હે રાવણ ! ત્હેં જ્યારે પતિવ્રતા સીતાનું હરણ કર્યું ત્યારે તને કોઇએ પણ શિખામણ ન આપી ? શું ત્હારા મંત્રિઓ એટલા બધા અજાણ છે ? અથવા પ્રતિદિન શત્રુઓની હિલચાલ જોવા બહાર પડેલા ત્હારા જાસૂ-ઓએ રામ સમુદ્ર સુધી આવી પહોંચ્યા છે એમ પણ જણાવ્યું નથી ? આ બધું જોતાં મને નવાઇ લાગે છે, કે ત્હારૂં રાજ્યતંત્ર હાલ પ્રમાદી થઇ પડયું છે ! (૭૧)

न यस्य राज्येऽजितमानसस्य
प्रशस्तवाचः सचिवा यदि स्युः ।

अजस्रमङ्गीकुरुते स भूपः
कलङ्क मङ्कादृतदोषकूपः ॥ ७२ ॥

ગર્ભેશ્વરત્વ, રૂપ, પ્રભુત્વ અને સંપત્તિ આ ચાર વસ્તુ મનુષ્યને અભિમાની બનાવી દેછે, પ્રમાદના માર્ગમાં ખેંચી લઇ જાય છે. રાજાને પણ આનિયમ લાગુજ હોય છે. કારણકે ત્યાંતો ચારે વસ્તુઓ એક સાથે હોઇ ઘણોજ અનર્થ ઉપજાવે છે, તેથી રાજાની સભામાં સમય આવતાં સાચી સલાહ આપનારા મંત્રિઓ ન હોય તો તે એકદમ પાપના કુવામાંજ ઉતરી પડેછે. માટે પ્રથમ તો રાજાએ પોતાના અંગભૂત મંત્રીઓ તરફ બેદરકારી ન રાખવી જોઇએ. (૭૨)

नृपः सदाचारपथं विहाय
तनोति दुर्वार मनीतिदोषम् ।
गजस्य यन्तेव गतावधानः ।
सदैव तस्याधिपति र्निदानम् ॥ ७३ ॥

હાથી ગાંડો બની જઇ તોફાન કરવા લાગે તો માવતનો જ દોષ ગણાય. તેવી જ રીતે યદિ રાજા ન્યાય માર્ગને દૂર કરી અન્યાય માર્ગમાં જાય તો તે દોષ સાચિવનો જ ગણાય. (૭૩)

यशस्करे कर्मणि संप्रवृत्ताः
स्वराज्यरक्षावधिजागरूकाः ।
न यस्य राज्ये सचिवाःप्रविष्टा
राज्यं निजं पातक मेव मन्ये ॥ ७४ ॥

જેના રાજ્યમાં સદા પવિત્ર કર્મ કરનારા, પોતાની

પ્રજાનું રક્ષણ કરનારા, પક્ષપાત રહિત સચિવો હોતા નથી તે રાજ્ય તો જન્માન્તરનું પાપજ છે. સાચા સલાહકારી ન હોવાથી રાજ્યથી જે લાભ પ્રજાને મળવો જોઈએ તે મળી શકતો નથી. કિન્તુ પ્રતિદિન પ્રજા પીડાયા કરેછે. (૭૪)

प्रजानुकूलाः सदसद्विवेक–
पूतस्वभावा भृतनीतिकोषाः ।
गुणावधाना जितनैजकामा
स्त एव योग्याः सचिवाः स्वराज्ये ॥७५॥

જે સચિવો પ્રજાની આંતરિક સ્થિતિ જાણી લઈ હિત કરવામાં તત્પર હોય, પક્ષપાત છોડી ન્યાય અન્યાયનો વિચાર કરતા હોય, સ્વભાવથી પવિત્ર હોય, નીતિ અને કોષ સારી રીતે સાચવી શકતા હોય, અનેક દેશ વિદેશમાં ભ્રમણ કરવાથી અનુભવ પામેલા હોય, અનેક દેશ વિદેશમાં ભ્રમણ કરવાથી અનુભવ પામેલા હોય, તેવા જ મંત્રિઓ રાજાએ સભામાં રાખવા જોઈએ. (૭૫)

नयावदातै र्निजपक्षदक्षै
र्गूढस्वभावैः सचिवैः प्रयुक्ता ।
गजं महान्तं त्रिपदीव नीती
रुणद्धि भीमं वसुधाधिनाथम् ॥ ७६ ॥

ઘણું કરીને રાજાઓ પ્રમાદી જ હોય છે તેથી રાજ્યમાં નીતિ પરાયણ મંત્રિઓની આવશ્યકતા છે. રાજ્યમાં તેવા મંત્રિઓ હોય, તો પછી રાજાઓ

પ્રમાદી હોય તો પણ તેને નીતિની સાંકળથી જકડી લેવામાં આવે છે. જેમ હાથી ગમે તેવો મદોન્મત્ત હોય છતાં શૃંખલા-બેડીથી વશ થાય છે. (૭૬)

निवार्यते ह्यन्यतमस्य दोषो
न चेत् परेण स्फुटसत्यवाचा ।
तौ मन्त्रिभूपौ जगदेव पाप-
तन्त्रीभवन्तौ विकलं दधाते ॥ ७७ ॥

હે બન્ધો, મનુષ્ય માત્ર ભૂલનું પાત્ર છે, તેમ રાજા કે મંત્રી પણ કોઇ વખતે મહાન અનર્થ કરે છે, પરંતુ અનર્થ કરતી વખતે બન્નેમાંથી એકે તો અવશ્ય એકને સમજાવવો જોઈએ. તેમ ન કરાય તો રાજા ને મંત્રી બન્ને સંસારના શત્ર છે. (૭૭)

जानन्नपि प्रोद्भुतदोषजालं
ब्रूते न सत्यं सचिवः स्वनाथम् ।
लुब्धोऽप्रगल्भः परिणामहन्ता
स एव शत्रुः कथितो नृपाणाम् ॥ ७८ ॥

સચિવનું કર્તવ્ય છે કે જ્યારે સ્વામીના અન્યાયને જુએ ત્યારે તેને તેમ કરતાં અટકાવે, અને પ્રજાના ભલા માટે ઉપદેશ આપે. યદિ મંત્રી રાજાના દોષ જુએ, તો પણ સત્ય સલાહ ન આપે તો સમજવું જોઈએ કે તે છુપી રીતે રહેતો શત્રુ, અથવા શત્રુનો પક્ષપાતી છે. તેવા મંત્રી ઉપર વિશ્વાસ ન રાખવો જોઈએ. (૭૮)

नियोगिभि र्नायक मात्मनीने
पाथि प्रवीणैः परियोजनीयः ।

स चेत् परामर्शविवेकहीनः
स्वयं परं पातयतीह गर्ते ॥ ७९ ॥

અધિકારીઓનું એ મુખ્ય કર્તવ્ય છેકે પોતાનો સ્વામી કદાચિત્ અન્યાય માર્ગે જતો હોય તો તેને સમજાવી ન્યાય માર્ગમાં લાવવો. કારણકે, રાજા જો અન્યાયી હોય તો બન્નેનો નાશ કરેછે. (૭૯)

जानेऽथ दीर्घीभवदन्तरायै
र्लुब्धैः शठैस्त्वं सचिवै र्न रुद्धः ।
अतःपरं कापथ माश्रितस्य
नृपस्य दोपः सचिवाभ्युपेतः ॥ ८० ॥

હે ભાઇ, હું જાણું છું કે તારા રાજ્યમાં તને હિતકારક સલાહ આપનાર કોઈપણ મંત્રી નથી; અને તેથીજ તારાથી આવું અવિચારિત કાર્ય થઈ ગયું છે. અથવા સારા મંત્રિઓ હોય છતાં પણ જો રાજા દુરાચાર કરે તો તે દોષ મંત્રિઓનો જ છે. (૮૦)

अतोऽवरस्ता दसतः पथोऽपि
न वाऽशमः क्षीणवरेण्यवृत्तिः ।
अबोधवन्तो नहि शक्नुवन्ति
हितं स्वकीयं परिमातु मङ्ग ॥ ८१ ॥

તારા રાજ્યમાં વિદ્વાન સચિવો નથી. જેથી તું પાપ-માર્ગ પર જઈ ચડયો. કારણકે, સાધારણ વૃત્તિવાળા માણસો પોતાનું કર્તવ્ય વિચારી શકતા નથી. (૮૧)

अल्पोऽपि तावत् स्वरसीयदोषः
स्वच्छन्दतालब्धविशेषपोषः ।
स्फुलिङ्गवद् दारुणि दीप्यमानः
प्रयात्ययं पार्थव माकुलानाम् ॥ ८२ ॥

હે દશાનન, પ્રથમ થોડો કિંતુ સમયે સમયે સ્વચ્છ-ન્દતાથી વધતો પોતાનો વિષયદોષ મનુષ્યને દુઃખ આપે છે. નાનો સરખો અગ્નિનો તણુખો સુકાયલા લાકડામાં પડવાથી તેને બાળી નાખે છે માટે દોષ થતાં પહેલાંજ તેને રોકવો જોઇએ જેથી પરિણામમાં પશ્ચાત્તાપ કરવો નપડે. (૮૨)

पुरा सुखस्वादन मेति पश्चात्
पापाय तापाय भवन्त्यपायः ।
कथं बुधेन स्फुटकालपाशः
संप्रार्थ्यते हा विषयाभिलाषः ॥ ८३ ॥

વિષયાભિલાષ–વિષયનું સુખ, પ્રથમ તો ઘણી મીઠાશ આપે છે કિંતુ પછીથી પાપ તાપને વધારે છે. વિષયમાં આસકિત થવાથી તે વસ્તુ ન મળતાં માણુસ અનેકાનેક પાપો કરી ઘણું કષ્ટ વેઠે છે, તો વિદ્વાને તેમાં કદિ પણુ રૂચિ રાખવી ન જોઇએ, પણુ બનતા સુધી દુર જ રહેવું જોઈએ. (૮૩)

दिने दिने प्रौढि मुरीकरोति
गुणं तदा संकुचितं तनोति ।
प्रयस्यतोऽपि त्रयवश्चितस्य
यशःसुभूषा लघिमान मेति ॥ ८४ ॥

વિષય સુખ એક વાર આવ્યું કે તરતજ વધવા લાગે છે, છોડવાથી પણ છુટતું નથી, ગુણોને દૂર કરેછે, પ્રયત્નો શિથિલ પડી જાય છે, હૃદય અનુત્સાહી અને હિમ્મત વગરનું બની જાય છે, ધીમે ધીમે માણુસનો યશ પણ ઘટવા લાગે છે. તો આવા મહાન અનર્થકારી વિષયને કાલપાશ સમજી તેનાથી દુર જ રહેવું. (૮૪)

कृतास्पदस्याथ मनस्विनोऽपि
कामेन कृत्स्नं विपरीतमेति ।
दुर्मदग्धस्य जनस्य नूनं
पदार्थसार्थे गतसत्य मूहः ॥ ८५ ॥

એક વખત પણ ઇન્દ્રિયોના ભોગોના ચકકરમાં ચઢેલો પુરૂષ પછી પોતાનું ભવિષ્ય સુધારી શકતો નથી, સંસાર વિષયમય જ જુવે છે. સત્ય ઉપદેશ પણ વિષ સમાન ગણે છે. હિતને પણ અહિત સમજી દુર ખસે છે. કમળા વાળા મનુષ્યને જેમ પ્રત્યેક વસ્તુ જુદી જ રીતે દેખાય તેમ કામીને પણ સંપૂર્ણ સંસાર વિપરીત ભાસે છે. (૮૫)

क्षणं स्थितो मर्मतलावगामी
प्रमादलेशादपि वर्धमानः ।
काम स्तदा स्फोटकवद् दुराशो
मुहुर्मुहु र्हा गदायित्नुरेव ॥ ८६ ॥

વિષયવૃત્તિ એક વખત પણ સેવવાથી દૃઢ બની જાય છે. એકવાર એનો આસ્વાદ લીધા પછી અતિ-પ્રયત્ન કરતાં છુટતી નથી. કિન્તુ શરીરમાં થતા ફોડા

આમ પ્રતિદિન પાકતી જ જાય છે. આવું તત્વ જાણવા છતાં પણ હે ભાઈ, તેં ઘણું સાહસ કર્યું. (८६)

भवादृशाः कीर्तिपवित्रदारा
दारापहारं यदिवाचरेयुः ।
निरर्गलाशेषविवेकिनीति-
धारावदारस्य ततोऽवतारः ॥ ८७ ॥

હે લંકેશ, તારા જેવા પ્રતાપી, તથા પવિત્ર કીર્તિથી જ રમણ કરનારા વીર પુરૂષો, જો આવું દુર્જનોચિત કર્તવ્ય કરવા લાગે તો પ્રાચીન સમયથી ધારા પ્રવાહ રૂપે ચાલી આવતી ધર્મનીતિનો એકદમ નાશ થઇ જાય. કારણકે મહાપુરૂષો ધર્મના સ્તંભ-આધાર હોઈ તેઓજ જો અનીતિ કરે તો પછી સાધારણ પ્રાકૃત વર્ગની શી ગણના? માટે તારે આવું નિંદ્ય કાર્ય કરતાં લજાવું જોઈએ (८७)

समस्तसंरक्षणदक्षिणत्वं
कृतं विधात्रा भुवने नृपत्वम् ।
कस्यापि संपालनकर्मशस्त-
यशःसुलेखालिखितः स हस्तः ॥ ८८ ॥

હે લંકેશ, સંસારમાં કોઇ કોઈને પણ કોઇની અપેક્ષા નથી, એમ માની લઇએ તો અવશ્ય અવ્યવસ્થા જ આવી પડે. પ્રજામાં અન્યાય, અત્યાચાર, અધર્મનો પ્રવેશ થાય. જેથી પરમાત્માનું નિર્માણ કરેલું છે, કે જે જે પ્રજાને દુઃખ, અત્યાચારથી બચાવે અને અભ્યુદયને વધારે એવા ઘણા રાજાઓ આ પૃથ્વી પર થઇ ગયા

છે કે જેઓ વિષયાંધ બની પોતાના નામને કલંકિત કરી ગયા છે. કિંતુ ધન્ય છે તેવા રાજાને કે જેના હાથથી રક્ષાયલી પ્રજા તેની ન્યાય વૃત્તિની સાક્ષી આપી રહે. (૮૮)

न कैरभिव्यक्तमदावलेपैः
कामायमानै र्नृपपुङ्गवै र्वा ।
शुद्धं हिमज्योतिरुदारपुण्यं
वंशं मषीलेप इहाभ्यनायि ॥ ८९ ॥

હે ભાઇ, ઇતિહાસને તપાસી જો. તને મળી આવશે કે પ્રજા પીડન કરનારા રાજાઓની શી દશા થઈ હતી પ્રજાએ તેમનો કેવો અનાદર—ત્યાગ કર્યો હતો. અને જેને લીધે તેનો પવિત્ર વંશ પણ મશી લેપ બની ગયો હતો. માટે રાજ્યપદ ઘણું ગંભીર છે તે ભૂલવું નહિ જોઇએ. (૮૯)

जगत्त्रयीमण्डपमण्डनेऽस्मिन्
हारानुकारा महिमावतारा: ।
भवन्ति भाग्येन नृपा उदारा
श्चरित्रशीलार्णवकर्णधारा: ॥ ९० ॥

રાજા સમસ્ત સંસારનું ભૂષણ છે; વિપત્તિ સમયનો બંધુ. અને પ્રભુ મહિમાનો અવતાર છે, જે પવિત્ર ચરિત્રથી પ્રજાને સન્માર્ગે લઇ જાય છે. પ્રજાનું દુઃખ દેખી તેનું હ્રદય કકળી ઉઠે છે. ખરેખર, તેવો રાજા પ્રજાના ભાગ્યથી મળે છે. (૯૦)

शिवं जनानां परिपालनेन
यदुत्थितं पुण्य मुदर्कनिघ्नम् ।

परं घनीभूय तदस्तबाधं
स्तम्भीभवत्यस्य चराचरस्य ॥ ९१ ॥

પ્રજાનું રક્ષણ કરવાથી ઉત્પન્ન થયેલું પવિત્ર પુણ્ય સંસારને સ્થિર કરવા સ્તંભરૂપે બને છે. પ્રજાકે રાજાની ચિરકાળ સ્થિરતાનું મુખ્ય કારણ પરસ્પરનો પ્રેમ જ છે. જો તે મંદ હોય તો, ક્ષણવારમાં જ તે બેમાંથી એકનો નાશ થાય છે. (૯૧)

न भूतये भूमिपतिः करोति
प्रयत्न मन्ता रमणीव षण्ढम् ।
जहाति तं जातु विनाशशङ्का
लक्ष्मीः स्वयं रावण वीरवश्या ॥ ९२ ॥

રાજાએ પ્રજાની માલિકી મેળવી, દિવસો મોજમઝામાં ગાળવાનાં નથી. કિંતુ પ્રતિદિન ઉભય વૃદ્ધિને માટે હિતકારી સચિવોનો સલાહ લઇ, પ્રયત્નશીલ થવું જોઇએ. નહિં તો સ્રી જેમ ઉત્સાહહીન નપુંસક પતિને ત્યજી ચાલી જાય. તેમ રાજ્યલક્ષ્મી પણ તેવા આળસુ રાજાને ત્યજી ચાલી જાય. (૯૨)

मनःप्रमादेन विगच्छति श्री
र्विद्या विलासव्यवसनेन याति ।
लङ्कापते नश्यति केवलेन
कामेन कीर्तिः सकलं कुलंच ॥ ९३ ॥

આવી રીતે રાજ્યતંત્ર ચલાવતા રાજાએ, પરદાર વિચાર તો સ્વપ્ને પણ કરવો ન જોઇએ. કિન્તુ તેવો ભીષણ અપરાધ કરનારા તેવા દુર્જનોને ઉચિત દંડ

આપી, ન્યાયપરાયણતા જણાવવી જોઈએ. જેમ પ્રમાદથી લક્ષ્મી, વૈભવ-વિલાસથી વિદ્યા નાશ પામે છે, તેમ હે ભાઈ! કેવલ એક કામવૃત્તિથી સંપૂર્ણ કીર્તિ અને કુળ નાશ પામે છે. માટે હજી સમજ. (૯૩)

तद्रक्ष कल्याणमते विमार्गान्
मोहाकुलं मानस मग्निकल्पात् ।
पुरःसरा गौरवगुम्फितानां
मनस्विनः शीलपरा भवन्ति ॥ ९४ ॥

આવી રીતે ધર્મનીતિ અને રાજનીતિના શુદ્ધ સિદ્ધાંતોને સમજી, દુષ્ટ માર્ગમાં ગયેલા મનને રોકીદે. ત્હારા જેવા પ્રતાપી, કુળના અગ્રેસરને એ શોભતું નથી. (૯૪)

विख्यातशाखामृगसंनिकाय-
हुङ्कारसंत्रासितकृत्स्नलोकः ।
निवेदितं किं सचिवै र्न तेऽद्य
रामःपयोधे स्तटमभ्युपेतः ॥ ९५ ॥

હે રાવણ! જેઓએ પોતાના બાહુબળથી દશેદિશામાં વિજય મેળવી રાખ્યો છે, એવા મહાબળવાન સુગ્રીવ આદિની વાનરસેનાને લઈ, શ્રીરામચંદ્ર લંકા ઉપર વિજય મેળવવા સમુદ્રના સામેના કિનારા ઉપર આવી પહોંચ્યા છે. થોડા દિવસમાં અહિંપણ આવી ચડશે. શું બધું વૃત્તાંત તારા પ્રધાનોએ તને જણાવ્યું નથી? (૯૫)

यावन्नसौ शोषितसिन्धुराजो
लंकासमीपं समुपैति रामः

तावद् विचार्योभयथा महीयो
हितं निजं यातुपते कुरुष्व ॥ ९६ ॥

શ્રીરામચંન્દ્ર જેટલામાં આ વિશાળ સમુદ્રને શોષી લઇ, લંકાસમીપમાં ન આવી જાય તેટલામાં તું ભવિષ્યને વિચાર કરીને જે યોગ્ય જણાય તે સત્વર કર. અત્યારે મૂઢ થઇશ તો પછી પસ્તાવાનું થશે (૯૬)

जगत्रयत्रासनिवारकाय
प्रचण्डतेजश्चयभास्वराय ।
रामाय भूभृद्गुरवे त्वयाऽत्र
सीता जयश्री रिव संप्रदेया ॥ ९७ ॥

હે ભાઇ ! હું તો વારંવાર કહું છું કે 'અખિલ લોકના ત્રાસને ટાળનારા, સૂર્ય જેવા તેજસ્વી, મહાપરાક્રમી રામને સીતા પાછી આપ. તેમાંજ ત્હારૂં અને કુળનું હિત સમાયેલું છે. (૯૭)

उत्रासभाजः प्रहताभिमाना
आशंसितानेकगतिप्रतानाः ।
स्वस्था भवन्तु क्षणदाचरेन्द्र
सीताप्रदानेन निशाचरेन्द्राः ॥ ९८ ॥

હે રાવણ ! સીતાને હરી લાવ્યો છે તેથી રાક્ષસ કુળનો વિનાશતો થવાનો છે, એવા ભયથી કાંપતા, જેમનું અભિમાન ગળી ગયું છે, જેઓ પોતાના બચાવ માટે અનેક ઉપાય શોધી રહ્યા છે, એવા ત્હારા કુટુંબીઓ, સીતા રામને પાછી આપી દેવાથી સ્વસ્થ-શાન્ત થાઓ ! (૯૮)

प्रदाय सीतां रघुनन्दनाय
हिताय चेतः कुरु वीरवर्य ।
संरक्ष रक्षोनगरं गरीयः
श्रियं कुलं च श्रियमन्यमेतत् ॥ ९९ ॥

હે વીર ! રામને સીતા પાછી આપીને હિતનો વિચાર કર, લંકાનું રક્ષણ કર, કુળને સંભાળ, ને રાજલક્ષ્મીનું પાલન કર. (૯૯)

इत्थं वचोऽमृत मुदारमनस्यनर्घं
कान्तं सुवर्पति विभीषणवारिवाहे ।
संपिष्टविष्टपाविटङ्कभटेभकूटः
क्रुद्धो जगर्ज बहु रावणकेसरीन्द्रः॥ १००॥

આવી રીતે વિભીષણનું ઉદાર, નીતિયુકત વચન સાંભળીને જેમ આકાશમાં મેઘ ગર્જના સાંભળીને સિંહ ત્રાડ પાડે, તેમ રાવણ વિભીષણના ઉપદેશથી ક્રોધાયમાન થઇ સભામાં ગર્જવા લાગ્યો. ૧૦૦

अथाऽनुकर्तव्यमुदारवाचि
विभीषणे सा विरते सुधीशे ।
ततःसमाभासितनीतिरीति
श्रुत्वा वचः प्रीतिमती बभूव ॥ १ ॥

રાવણને કર્તવ્યને બોધ કરાવતી, ઉદારતાથી મિશ્રિત થયેલી, વિદ્વત્તા, વિચાર પરંપરાથી શોભાયમાન, એવી વાચસ્પતિની વાણીસમાન વાણીથી વિભીષણે ઉપદેશ કર્યો. એ ઉપદેશામૃતનું પાન કરીને પવિત્ર બનેલી સભા અત્યંત સંતુષ્ટ થઈ. (૧)

अयं महात्माऽखिलरक्षणाय
धृतव्रतो जीवनदानशूरः
तदुत्सुकैः राक्षसवंशमुख्यैः
कृषीवलै र्मेघ इवव्यलोकि ॥ २ ॥

સંપૂર્ણ દાનવવંશના રક્ષણને માટે કટિબદ્ધ થયેલા, પોતાના જીવનના ભોગેપણ જેણે પ્રજાની ઉન્નતિ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે, એવા સુરગુરૂ સમાન આ વિભીષણને, ખેડુતો જેમ વરસાદની આતુરતાયુકત નેત્રથી રાહુજુએ છે, તેમ સભામાં ઉપસ્થિત થયેલા મુખ્ય અગ્રેસરોએ જોયો. (૨)

अयं कथञ्चिद् विरमेद् विपाकाद्
भस्मावशेषात् पुटपाककल्पात् ।
इति स्ववंशप्रणयानुविद्धं
मनो न दूनं न विभीषणस्य ॥ ३ ॥

સીતાના અપહરણરૂપી મહાભયંકર પાપાગ્નિમાં સમગ્ર રાક્ષસવંશ બળીને ખાખ થઈ જશે એ ચિન્તાથી વિભીષણને અત્યંત દુઃખ થવા લાગ્યું. કોઇપણ રીતે પોતાનો ભાઇ, આ પાપકાંડમાંથી બચી જાય તે જોવાને, તે પોતાથી બનતું બધું કરવાને તૈયાર થયો. (૩)

मनस्विनाऽगादि मदावरोधि
विरोधि नाशस्य समुत्सुकेन ।
उदर्कभव्यं वचनं यदस्य
श्रुती सशूलेऽथ विभीषणेन ॥ ४ ॥

પોતાના ઉદ્દામ દર્પનું દલન કરનારૂં, અને ભવિષ્યમાં થવાના ભીષણ નાશનો અટકાવ કરીને સુખસંપત્તિને વધારનારૂં, પ્રીતિપૂર્વક કહેલું, મહાત્મા વિભીષણનું કથન, રાવણને મન અસહ્ય થઈ પડ્યું. અને ઘુંઘવાયેલા નાગની પેઠે અત્યંત ઉગ્ર થઈ ગયો. (૪)

मदावरुद्धे कलुषैकपात्रे
स्वान्तेऽसुराणामधिपस्यसत्या ।
लेभे पदं नह्युपदेशवाणी
छायेव शुद्धा मुकुरे कुपूये ॥ ५ ॥

અભિમાનથી છલોછલ ભરાયેલા, સંસારની મલિનતાનાસ્થાન સમાન, પાપના પુંજ સમાન, રાવણના દુષ્ટ અંતઃકરણ ઉપર વિભીષણના ઉદાર વચનો કંઈપણ અસર કરી શકયા નહિં. અથવા કયાંથી કરી શકે? શું કદી મેલા દર્પણમાં શુદ્ધ પ્રતિબિમ્બ પડી શકે ખરૂં ? (૫)

नीतिप्रवेकेन विभज्यसत्त्वं
निर्णिक्त मन्तर्गतनैजसिद्धि ।
वचः सुपथ्यं सुरवैरिनाथ
स्तिरश्चकार क्षणमौनसेवी ॥ ६ ॥

વિભીષણે બન્ને પક્ષનો બરાબર વિચાર કરીને હિતકારક જે કંઈ જણાવ્યું તે સાંભળીને અત્યાર સુધી મુંગા રહેલા રાક્ષસનાથ રાવણે તેના વિચારોનો અનાદર કર્યો. (૬)

गुणेऽवमानं कुशलेऽपमानं
व्रते विवादं च नते प्रमादम् ।
निसर्गनीचीनमनःप्रवृत्तिः
करोति पापः प्रतिकूलकर्मा ॥ ७ ॥

જેનું હૃદય સ્વભાવથીજ મલિન હોય, જે પાપમાં જ આનંદ માનતો હોય, તેવો દુષ્ટ મનુષ્ય ગુણને તિરસ્કારે, હિતવચન ને તર છોડે સદ્દાચારને વખોડે અને વિનયનો ત્યાગ કરે. હંમેશા ઉંધુ જ કાર્ય કરવામાં મગ્ન રહે (૭)

अथ प्रतीपाशयभाषिणं तं
विभीषणं भीषणरोषलिप्तः ।
विधाय विभ्यद्भट मट्टहासं
दशाननः शांतमना जगाद॥ ८ ॥

વિભીષણના આવા વચનો સાંભળી ક્રોધાયમાન થઇ દશાનન પોતાના અભિપ્રાયથી વિરૂદ્ધ બોલનાર વિભીષણ તરફ તિરસ્કાર લાવી અટ્ટહાસ્ય કરવા લાગ્યો. (૮)

अहो गरीयान् तव पक्षपातो
भव्याय भव्यस्य मतः स्ववंशे ।
अहो परं गोपितु मन्तरङ्गं
विलक्षणा काचन चातुरी ते ॥ ९ ॥

હે વિભીષણ, કુલના રક્ષણ માટે તને વધારે લાગી આવતું જણાય છે? નહિ તો આવો ઉપદેશ બીજો કોણ

આપે ? એ હું આજેજ જાણી શક્યો છું કે તું મનમાં કંઇક રાખે છે અને બહાર કંઇજ બોલે છે. તારી આ ચતુરાઇ ને ધન્યવાદ છે. (૯)

अनेन ते व्यञ्जितमानसेन
विबोधितोऽहं वचसा स्वनाशात् ।
फुत्कारमात्रेण पयःप्रदान-
विवर्धितस्येव भुजङ्गमस्य ॥ १० ॥

હે ભાઇ, સારૂં થયું કે તું આજ સભામાં આવ્યો, અને તેં તારો અભિપ્રાય જણાવ્યો. તારા આ ગૂઢ વિચારને સાંભળી દુધપાન કરાવી વધારેલા સર્પના ફુંફાડાથી જેમ કોઇ પોતાનો બચાવ કરે તેમ તારા કુટિલ વચનોથી હું મારો બચાવ કરી શકીશ. (૧૦)

स्वरूप माच्छादयितुं खलानां
विलक्षणा वञ्चनशब्दशाटी ।
ययाऽनुवेलं परिवर्तितानां
निर्णीयते नैव विशेषभेदः ॥ ११ ॥

દુષ્ટ માણસો હંમેશ પોતાના આંતરિક ભાવોને દર્શાવવા નાખુશ હોય છે. પોતાના ખરેખરા વિચારોને બીજા ન જાણી જાય તે માટે તેઓ શબ્દજાળ પાથરે છે. અને હંમેશા નવું નવું રૂપ ધારણ કરીને લોકોને પોતાના તરફ ખેંચે છે. (૧૧)

कुतस्तदा श्री दृढबद्धमूला
कुतःकुलं धौतजगद्वितानम् ।
निपात्यते यत्र यदुद्भवेन
पुराऽनलेनेव शमी स्ववंशः ॥ १२ ॥

જેમ અંદર રહેલો અગ્નિ શમીવૃક્ષને બાળી નાખે છે, તેમ પોતાના જ કુળમાં ઉત્પન્ન થયલા કુટિલ મનુષ્યો શત્રુપક્ષમાં મળી વંશનો સત્યાનાશ કરે છે. તો પછી વંશલક્ષ્મી સ્થિર કેમ થાય? અને કુલ જગતમાં વિખ્યાત ક્યાંથી થાય? (૧૨)

स तापसो रावण मद्य जेता
त्वयाऽत्र संतर्कितमेतदस्तु ।
स्वयं हि नष्टः परतः परस्य
क्लीबः कथं प्रत्ययमेति सत्त्वे ॥ १३ ॥

તે તપસ્વી રામચંદ્ર મહાપરાક્રમી રાવણને જીતી લેશે અને રાક્ષસ વંશનો નાશ કરશે, એ તારો વિચાર તનેજ મુબારક હો! નિર્બલ બીજાના અસાધારણ બળની તુલના ક્યાંથી કરી શકે? (૧૩)

अन्येन वा साधिमकैतवेन
परं त्वया सानुरवाणि रामः
गुणानभिज्ञः खलु गोपपाशो
गुञ्जाफलं वेत्ति न पद्मरागम् ॥ १४ ॥

મને જણાય છે કે તેં તારી નીતિ વિશારદતા પ્રકટ કરવા માટેજ રામના પરાક્રમનું વર્ણન કરી બતાવ્યું છે. એ તારો ઢોંગ હું સારી રીતે સમજી ગયો છું. જંગલમાં રહેનારો ભીલ, જેને ગુણ અવગુણનું ભાન નથી હોતું તે પદ્મરાગ-મણિની માળા તરછોડીને ચણોઠીની માળા પહેરી આનંદ માને છે. (૧૪)

स्वोत्पातवेगोद्धूतशैलराजी-
संघर्षगध्वानभृतान्तरिक्षः ।
जितो भुजङ्गेन सुपर्णराजः
श्रुतं त्वया क्वापि पुलस्त्यनप्तः ॥ १५ ॥

હે વિભીષણ, તું આવો નિર્બલ છે એવું આજે જ જાણી શક્યો છું. આજ સુધી તારા બલ ઉપર મને જે વિશ્વાસ હતો, તે આ જથી ઉડી ગયો છે. અરે, તેં કંઇ પણ વિચાર ન કર્યો ? જેના ઉડવાના વેગથી પર્વતોના મૂળીઆં ઢીલાં પડી જાય છે, જેના ભીષણ શબ્દથી આકાશ ગુંજી ઉઠે છે એવા ગરૂડને સર્પ જીતો જશે, એવું તેં સાંભળ્યું કે જોયું છે ? ધન્ય છે તારી બુદ્ધિને ! (૧૫)

उन्मुक्तकेशा रिपुवृन्दनारीः
शिलातलाघातवती व्रजन्तीः ।
हा तात मातः स्वनुहा हतोऽस्मि
श्रुतं न किं रावणचेष्टितं त ॥ १६ ॥

જેના પ્રતાપથી શત્રુઓની સ્ત્રીઓ ઉઘાડે માથેરાને રાનમાં અથડાય છે, ભાન ભૂલી જઇ પત્થરોથી ઠોકરો

ખાય છે, જેની પાછળ તેના છોકરાંઓ 'હા, મા, હા, મા' એમ કરૂણ સ્વરથી રડતાં રડતાં મરણને શરણ થાય છે, આવું રાવણનું પરાક્રમ તેં નથી સાંભળ્યું ? (૧૬)

उद्दण्डकोदण्डशराहतानां
पराक्रमोद्भासिजगत्त्रयाणाम् ।
अभूदनन्यं शरणं रिपूणां
विरामदं तन्मरणं रणं वा ॥ १७ ॥

પોતાના પરાક્રમથી જેણે ત્રણે લોકને વશ કરી લીધા છે એવા તેજસ્વી શત્રુઓ પણ મારા ઉદ્દંડ ચાપના આઘાતથી ધરા ઉપર સુઈ રહ્યા છે, તેમને માટે શાંતિ મેળવવાનું ઉત્તમ સ્થાન કાંતો મરણ કાંતો રણ છે. શું એ ભૂલી ગયો ? (૧૭)

कदाचिदाखेटविलासलीला-
प्रत्यग्रकण्डूकणखण्डनाय ।
न नन्दनं प्रेतपुरानुकारि
कृतं स्मरत्यस्य पराक्रमस्य ॥ १८ ॥

એક દિવસ વનમાં મૃગયા રમવાના નિમિત્ત ગયો હતો, ત્યાં હાથની 'ચળ' ઉતારવા માટે ઈન્દ્રના નન્દનવનને નાશ કરીને ભૂત, પ્રેત વગેરેના નિવાસસ્થાન સ્મશાન સમાન કરી નાખ્યું હતું તે નન્દનવન હજી સુધી જેના પરાક્રમોના ગાન કરી રહ્યું છે, તે શું તું સાંભળી શકતો નથી ? (૧૮)

विलासिनीसेव्यनिकुञ्जकानां
विहारनेपथ्यरसोत्सुकानाम् ।
लसद्‌द्विरेफावलिहुङ्कृतानां
वृथा विकासो मृदुमञ्जरीणाम् ॥ १९ ॥

જે પુષ્પવાટિકાઓમાં અપ્સરાઓ વિહાર કરતી હતી, જેનાથી શરીરના આભૂષણ કરતી હતી, જેના રસનું પાન ભ્રમરપંક્તિ સદા કર્યા કરતી એવી કોમળ કોમળ મંજરીઓનો વિકાસ હવે વૃથા થઈ ગયો છે—દેવતાઓની ધર્માંગનાઓ હવે આભૂષણાદિ કંઈપણ કરી શકતી નથી. (૧૯)

कदाचिदैरावतसंगमाय
परीक्षितस्फूर्जितदन्तकुन्तः ।
कैलासशैलः करिणा परं मे
स्फुटद्‌दृषत्संधिदशामयासीत् ॥ २० ॥

હે વિભીષણ ! સાંભળ, એક દિવસ ઇન્દ્રના ઐરાવતની સાથે મારા હાથીને લડવા જવાનું હતું; તેથી પોતાના દંતુશળો મજબુત છે કે નહિં, તેની પરીક્ષા કરવામાટે કૈલાસમાં જઈને તેના શિખરમાં પોતાના દંતુશળો ભરાવ્યા હતા. આથી આખો કૈલાસ ખળભળી ઉઠયો. આવા હાથી પર સ્વારી કરનારા રાવણના પરાક્રમો શું ત્હારી જાણ બહાર છે ? (૨૦)

नभोदिगन्त प्रतिघोषभीमं
महामहीभृत्तटपाटनोत्कम् ।

केषां न हस्ताद्गलद्रिपूणा
माकर्ण्य हुङ्कार मथास्त्रजालम् ॥ २१ ॥

દિશાઓમાં પ્રતિધ્વનિત થઈ રહેલી મારી ભયંકર ગર્જના આજે પણ પર્વતોના શિખરોને તોડી નાખે છે. આ ગર્જનાને સાંભળીને એવો કયો શત્રુ છે કે જેના હાથમાંથી શસ્ત્રો આપોઆપ ન સરી પડતા હોય ? (૨૧)

त्रिलोकसंक्रान्तयशःप्रवाह-
श्रीखण्डशाखी परिशोभमानः ।
द्रेष्यासमज्यापवनाशनौघं
निकाम मङ्गीकुरुते मदीयः ॥ २२ ॥

સમસ્ત વિશ્વમાં વ્યાપી રહેલ મારા યશરૂપી ચંદન વૃક્ષને જીતાયેલા શત્રુઓની અકીર્તિરૂપ સર્પો વીંટી રહ્યા છે. (૨૨)

जानाति तेजो मम को न लोके
भ्राजिष्णु यद् दीपदशीकृतार्कम् ।
यस्य स्फुलिङ्गप्रातिमां दधानो
विभावसु नृत्यति पश्य पश्य ॥ २३ ॥

મ્હારા તેજની ઉજ્વલતાથી બિચારો સૂર્ય પણ નિસ્તેજ થઈ રહ્યો છે ! આ સ્હામે બળતો અગ્નિ તો મ્હારા તેજના તણખા રૂપ છે. કહે, મ્હારા તેજને વિશ્વમાં કોણ નથી જાણતું ? (૨૩)

आखण्डलः खण्डितविग्रहोऽयं
कृतान्त एष त्रासिताङ्गतान्तः ।
सदाशुगः शान्तरयः कृतोऽसौ
बिभीषण द्राक् परिपश्य वीर्यम् ॥ २४ ॥

આ સમક્ષ ઉભેલો ઇન્દ્ર પણ મ્હારા પરાક્રમોથી ધ્રુજી ઉઠે છે, સમસ્ત વિશ્વને ત્રાસ આપનાર કાળ પણ મ્હારા ભયથી થરથરે છે. આ પ્રચંડ વાયુ પણ પોતાનો વેગ રોકી અહિં શાંત થઇ ગયો છે હે ભાઈ ! આ બધું જો અને વિચાર કર ! (૨૪)

अनन्यसामान्य मशेषविश्व-
भूषायमानं धनदादमोघम् ।
समाहृतं पुष्पक मादितेय-
श्रीकर्णपूरं न न वीक्ष्यते किम् ॥ २५ ॥

આ પુષ્પક વિમાનને પણ જો ! જેને મેળવવા માટે મોટા મોટા દેવતાઓ પણ યત્ન કરી રહ્યા હતા. જે વિશ્વનું તિલક અને કુબેરની રાજલક્ષ્મીનું ભૂષણ છે તે હું કુબેરને જીતી અલકાપુરીમાંથી લાવ્યો છું. (૨૫)

सङ्कल्पितं भोजनमात्र मेक-
दिनं जगद् यस्य पितामहेन ।
स मूर्तिमान् दीप्तकपीटयोनिः
सहोदरो मे ननु कुंभकर्णः ॥ २६ ॥

અને પોતાના તેજથી સંપૂર્ણ દેવોને ત્રાસ આપનાર, મૂર્તિમાન્ ભભકતા અગ્નિ જેવા આ કુંભકર્ણને તો જો ! અરે આટલું વિસ્તૃત બ્રહ્માંડ પણ જેના એક દિવસના આહાર માટે બ્રહ્માએ રાખ્યું છે ! (૨૬)

तारापथे यस्य शरच्छटानां
छिद्राणि नक्षत्रकुलानि भांति ।
तस्यात्मजस्येन्द्रजितः सरोषां
दृष्टिं समीक्षेत रणे परः कः ॥ २७ ॥

હે ભાઇ ! તને શું ઇન્દ્રજીતના વીર્ય ઉપર પણ વિશ્વાસ નથી ? તેના પરાક્રમોનું પણ ત્હને ભાન નથી ? શું તું ભૂલીગયો છે, કે દેવોને મારતી વખતે છોડેલા જેના બાણોએ, આકાશમાં છિદ્ર પાડી દીધા છે, જે અત્યારે નક્ષત્ર જણાય છે ! આવા ભીષણ ઇન્દ્રજીતની ક્રોધથી વક્ર થયેલી દ્રષ્ટિને રણાંગણમાં કયો પુરૂષ સહન કરી શકે ? (૨૭)

परे सुरश्रीकचकर्षणाय
दृढव्रता यातुकुलस्य वीराः ।
अजस्त्र मुज्जासयितुं जवेन
परामरानारणमश्नुवानाः ॥ २८ ॥

એટલુંજ નહિં પણ મ્હારી સભાના શૃંગારરૂપ; આ રાક્ષસકુળના શ્રેષ્ઠવીરો દેવતાઓની લક્ષ્મીને ખેંચવામાં દૃઢ નિશ્ચયવાળા છે, જેઓ દેવતાઓને આખાને આખા ગળી જઇ, તેમનો નાશ છે કરવામાં હમેશ કટિબદ્ધ છે, તેમને તો જરા જો ! (૨૮)

सेयं पुराणा नगरी प्रसिद्धा
गरीयसी शैलविशालसाला ।
अनंतशौर्यव्यवसायसिद्ध-
नक्तंचरव्यूहविराजमाना ॥ २९ ॥

વળી, આદિકાળથી ચાલી આવેલી જગતમાં અત્યંત પ્રસિદ્ધિ ને પ્રાપ્ત થયેલી, મહાકાય- વિશાળ આ નગરી- લંકાનગરી, જેનો પર્વતના શિખરો સમાન કોટ છે, જેનું રક્ષણ દિનરાત ભીષણકાયવાળા શૂરવીર રાક્ષસોથી કરાય છે, એવી આ નગરી ઝળહળી રહી છે. (૨૯)

यस्याः सुरै रप्यनधर्षिताया
अनेकदन्तावलरक्षितायाः ।
कल्लोलकोलाहलकीर्तिपूरः
सिन्धुः समीपे परिखात्वमेति ॥ ३० ॥

જે નગરીને જીતવા દેવતાઓની પણ તાકાદ નથી, જે અગણિત પ્રચંડ હાથીઓથી પરિસ્થિત છે, અને જેની ખાઈની ગરજ સારતો પ્રચંડ મોજાઓને કિલ્લાની સાથે અફળાવતો આ મહાસાગર ઘુઘવી રહ્યો છે, આવી લંકાને કોનો ડર છે ? (૩૦)

पराक्रमं मे परिपश्यतोऽथ
तथापि ते क्षुब्ध इवान्तरात्मा ।
बधान धैर्यं विजहीहि भीतिं
बिभीषण त्वं सुख मास्व वासम् ॥ ३१ ॥

વિભીષણુ ! આવાં આવાં અનેક પરાક્રમોને તું જાણે છે, છતાં ક્ષુબ્ધ—ગભરાયેલો કેમ જણાય છે ? ત્હારા આત્મામાંથી ભયને તિલાંજલિ આપી ધૈર્યને ધારણ કર. હું બેઠો છું છતાં ત્હારે આવી ચિંતા શા માટે કરવી જોઇએ ! તું ખુશીથી ઘરમાં સવામણની તળાઈમાં સૂઇ રહે ! (૩૧)

जानामि रामं जनकेन राज्यात्
निर्वासितं तद्विपदाभिमृष्टम् ।
पुनः पुनः स्त्रीविरहाधिवह्नि-
भस्मीभवद्विक्रम मक्रमेण ॥ ३२ ॥

હે ભાઇ ! જે રામના તું આટ આટલા વખાણ કરે છે તેને હું બરાબર જાણું છું. તેના પિતા દશરથરાજાએ તેને રાજ્યમાંથી કાઢી મૂક્યો છે. વનમાં જઇને પણ તે સુખી નથી. અનેક પ્રકારના માનસિક કષ્ટોથી તે પીડાય છે. સીતાનો વિરહાનલ તેને વારંવાર બાળ્યા કરે છે. તેનું પરાક્રમ ક્ષીણ થતું જાય છે. (૩૨)

भ्राता तदीयः परवान् सभक्तिः
स लक्ष्मणः क्षीणतनु र्विमुग्धः ।
रामाय वन्यानि फलानि नून
मानेतु मभ्यस्तशरापलक्ष्यः ॥ ३३ ॥

તેનો ભાઇ લક્ષ્મણ મૂર્ખતાથી તેના વિષે આદરભાવ રાખે છે. શરીરે તે દુર્બળ છે. રામની હામાંહા કરનારો છે. તે બાણ મારતાં ક્યાંથી શિખ્યો છે તેની તને ખબર

છે? સાંભળ, રામ અને સીતા માટે ફળ લેવા તે જંગલમાં જતો. ત્યાં ફળો તોડવા માટે આડા અવળા બાણો ફેંકતો હતો; આવી રીતે બાણ વિદ્યામાં તેને નહીં જેવો અભ્યાસ થયો છે! (૩૩)

अपेतसत्त्वो विरहाधिदूनो
राज्यात् परिभ्रंश मवापितः सः ।
बसन् वने तापसवृत्तिरेव
दिनान्यनैषीच्च समं किरातैः ॥ ३४ ॥

રાજ્યથી ભ્રષ્ટ થયેલા તે રામનું તેજ હરાઇ ગયું છે. આખો દિવસ હે સીતે, સીતે! કહીને તે વનમાં ફરતો ફરે છે! ક્ષત્રિય જીવન મૂકી તપસ્વી જીવન ગાળે છે. જંગલી માણસોના સહવાસમાંજ દિવસો વિતાડે છે! (૩૪)

अथ प्रतापः खलु वर्ण्यते चेद्
रामे त्वया शौर्ययशोविरामे ।
विगृह्य कस्माज्जनकेन सार्कं
राज्यं निजं नो भरताद्गृहीतम् ॥ ३५ ॥

ધૈર્ય, શૌર્ય, પરાક્રમ વગેરે જેનાં નષ્ટ પ્રાયઃ થઇ ગયાં છે, એવા રામના પરાક્રમનું તું જ્યારે વર્ણન કરે છે, ત્યારે હું ત્હને પૂછું છું, કે જ્યારે દશરથે તેને વનમાં કાઢી મૂકીને ભરતને ગાદી આપી, ત્યારે તે પોતાના બાપસાથે લડીને ભરત પાસેથી રાજ્ય કાં ન લઇ શકયો? તે વખતે તેનાં બળ, બુદ્ધિ, વીર્ય વગેરે કયાં ગયા હતા? મને તો નક્કી એમજ લાગે છે કે રામ બિલકુલ સત્તાહીનજ છે! (૩૫)

अथापि नो पूज्यतमः प्रजानां
रामः स आसीदिति मे वितर्कः ।
अतः प्रपन्नो विकटाटवीं वा
करोतु किं साहसहीनचेताः ॥ ३६ ॥

વળી તું કહે છે કે રામ અયોધ્યાની પ્રજામાં ઘણો વહાલો હતો, પણ મને તો તેમાં યે શંકા લાગે છે. કેમકે રામજો પ્રજામાં વહાલો હોત, તો તેની સહાયથી રાજ્ય પાછું મેળવત પણ તેમ ન કરતાં ઘોર અરણ્યમાં કેમ ગયો ? સાહસહીન મનુષ્ય આથી બીજું શું કરી શકે ? (૩૬)

पदच्युतिं प्रोन्नतमानभङ्गं
सहेत निःस्वोऽपि तिरस्कृतिं कः ।
तदस्ति नामाऽपि न वीर्यशक्तिः
स केवलं कौशिकशिष्य एव ॥ ३७ ॥

બીજો કયો નિર્બળ મનુષ્ય પણ પોતાની સ્થાન ભ્રષ્ટતા, માન મર્દન, અને તિરસ્કાર સહન કરે ? મને તો એમજ લાગે છે કે રામમાં નામમાત્રનું પણ બળ નથી એ ઠીક છે કે લોકો તેને કૌશિક—વિશ્વામિત્ર (ધુવડ) નો શિષ્ય કહે છે ! (૩૭)

भुजे विशाले सति वीर्यदीप्ते
पराक्रमे खण्डितशत्रुवृन्दे ।
सटापहारं नवकेसरीव
सहेत वीरो न निकारलेशम् ॥ ३८ ॥

બાહુદંડમાં બળવાળો, વીર્યની કાંતિવાળો, સ્વપરાક્રમથી શત્રુઓના સમૂહનો નાશ કરવાવાળો નરવીર અપમાનના લેશને પણ કેમ સહન કરી શકે? વિકરાળ કેશરીની કેશવાળી ખેંચી કોઈ જીવતો પણ રહી શકે ખરો કે? (૩૮)

वनेचर स्तर्जिततत्पुलिन्दः
शिशुस्वभावात्कृतचापलः सन् ।
अनार्य माचारमथाचरत् स
सहोदरायां ननु धिक् प्रकर्षम् ॥ ३९ ॥

વનમાં રઝળતો રામ, નિર્બળ ભીલ લોકોને હરાવતો ફરે છે. બાલોચિત ચાપલ્યથી આપણી બ્હેન શુર્પણખા સાથે જેણે અનાર્ય પુરૂષને યોગ્ય અત્યાચાર (નાસિકા છેદન) કર્યા છે, એવા તારા રામના પરાક્રમને હઝારો ધિક્કાર છે! વીર પુરૂષો સ્ત્રીઓપર કદી પણ હાથ ઉપાડતા નથી. (૩૯)

सुग्रीव माश्रित्य कृतावमानं
छलेन तावत्कृतवालिनाशः ।
वन्यैश्च शाखामृगसंनिकायै
रमन्दवीर्यातिशयं तनोति ॥ ४० ॥

પોતાના ભાઈથી અપમાનિત થયેલા સુગ્રીવને સાથે મેળવીને રામે કપટથી વાલીનો નાશ કર્યો છે. જંગલી ક્રૂર વાનરાઓ સાથે મળીને તે પોતાની બહાદુરી બતાવે છે. આ ત્હારો રામ? (૪૦)

सोऽयं वृथा पौरुषहीनवृत्ति
र्लङ्कां विजेतुं व्यवसाय मेति ।
सौमित्रिसुग्रीवनलानुयातः
समुद्रतीरं श्रयतीत्यबोधि ॥ ४१ ॥

રામ વાંદરાઓ સાથે મળીને જે જે પરાક્રમો કરે છે તેનો શો હીસાબ ? કારણ કે તેમાં તેની બહાદુરી નથી. લક્ષ્મણ, સુગ્રીવ, નલ તથા અન્ય વાંદરાઓ સાથે લંકા જીતવાને રામ સમુદ્રતીર પર આવ્યો છે એમ મેં સાંભળ્યું છે. (૪૧)

अयं किल ग्रस्तसमस्तलोकं
दशाननं जेष्यति दीर्घदूनः ।
पारावतः श्येन मिव प्रधर्ष्य
संभाव्यते केन विना भवन्तम् ॥ ४२ ॥

સીતાના વિયોગથી દુઃખી થયેલો રામ બધા રાજાઓ-પર વિજય મેળવનાર રાવણને જીતશે એમ તારા વિના બીજો કોણ ધારે ? તારા સિવાય બીજા કોની આવી ઉત્તમ કલ્પના હોય કે પારેવું બાજને મારી શકે. (૪૨)

चिरं परिश्राम्यतु लब्धयुद्ध-
निघर्षणा मे भुजदण्डकण्डूः ।
चिराय लङ्कां निकषा शिवानां
तृप्यत्कुटुम्बं परिपारणाऽस्तु ॥ ४३ ॥

મને લાંબા વખતથી લઢાઇ કરવાનું મન હતું, આજે મારી ઇચ્છા તે પૂરી થઈ. હું રામના સૈન્યનો સંહાર કરી નાખીશ, અને લંકાની સમીપના શિયાળીઆઓની ઘણા દિવસની ક્ષુધા શાન્ત થશે. (૪૩)

अलब्धयुद्धान्यतिकालपात-
मलावरुद्धान्यभितो ज्वलन्तु
अस्त्राणि संप्राप्य रिपुप्रकाण्ड-
कठोरकण्ठच्छलशाणचक्रम् ॥ ४४ ॥

ઘણા દિવસથી મારે માટે યુદ્ધનો પ્રસંગ આવ્યો નથી, તેથી શસ્ત્રોને કાટ ચઢી ગયો છે. શત્રુસમૂહના કંઠ રૂપી સરાણ ઉપર ઘસાઈ તેઓ આજ ભલે ચળકાટ મારે. (૪૪)

निःशेषशत्रुव्रजसुन्दरीणां
निश्वासझंझानिलदीप्यमाने ।
तदेष मे वीर्यशिखाकलापे
पतङ्गभूयं समुपैतु रामः ॥ ४५ ॥

મારા વડે મારી નાખવામાં આવેલા શત્રુઓના વિશ્વાસ પવનથી જેની જ્વાળા વધારે જોરથી ભભૂકે છે તેવા મારા પ્રતાપ રૂપ અગ્નિમાં રામ પતંગ પેઠે બળી જશે, (૪૫)

अद्धा निबद्धा यदि ते निगूढा
स्पर्धा पराद्ध्या रघुराजडिम्भे ।
त्रिलोकयिष्यत्यखिलं मदीय-
भुजाभुजङ्गाभ्यवहारभूतम् ॥ ४६ ॥

જો તને એમ લાગતું હોય કે આ નમાલો રામ મારાથી બળમાં વધે છે તો તું થોડાજ દિવસમાં જોઇ શકશે કે અમારા બેમાં કોણ વધારે બળવાન છે. (૪૬)

न कम्प मभ्येति विलोक्य कोवा
मम स्फुरत्खड्गलतां जगत्याम् ।
भस्मीकृतानन्तविपक्षपक्ष
स्त्रिलोकशूरो ननु रावणोऽहम् ॥ ४७ ॥

જ્યારે મારી ચળકાટ મારતી તરવાર ફરે છે, ત્યારે તેને જોઇને એવો કોણ છે કે જે થરથર કાંપવા લાગતો ન હોય ? સાંભળ, જેણે શત્રુપક્ષને ભસ્મીભૂત કરી નાખ્યો છે એવો ત્રૈલોક્યને થર થરાવનાર હું ' રાવણ ' છું ! (૪૭)

प्रगल्भतां किं मम दर्शयामि
स्वयं भवान् वेत्ति विलुप्तविश्वाम् ।
विनिश्चयोऽयं मम सत्यकामः
सीता न रामाय कदापि देया ॥ ४८ ॥

હું મારા વખાણ મારે મોઢે કેટલા કરૂં ? તું સ્વયં જાણે છે કે, મેં આખા બ્રહ્માંડને વશ કરી રાખ્યું છે. મારી આ દૃઢ પ્રતિજ્ઞા છે કે, જીવતાં તો રાવણ કદિ પણ રામને સીતા પાછી આપે જ નહિ. (૪૮)

निशाचरा युद्धविहारशूरा
रामाद् भयं नास्ति दशाननस्य ।

विभीषण त्वं परिहाय चिंतां
प्रमोदपूर्णः समुखं शयीथाः ॥ ४९ ॥

હે વિભીષણ, આ મારા રાક્ષસ ભટો લઢવામાં કોઇથી જીતી શકાય એવા નથી. મને પોતાને તો રામનો બીલકુલ ભય નથી માટે નિશ્ચિંત થઇ તું તારૂં કાર્ય કર (૪૯)

इत्थं प्रगर्ज्य विरतेऽसुरराजराजे
संसद् प्रतिष्ठितविभीषणसाधुवादा ।
धाराभिरम्बुदचये परिवर्ष्य याते
पीयूषभानुधवला रजनीव रेजे ॥ ५० ॥

જ્યારે મેઘ ખુબ જોસ ભેર વર્ષીને ચાલ્યો જાય. અને ચન્દ્ર પોતાનું ઉજ્જવલ તેજ પૃથ્વી ઉપર ફેંકતો હોય તેવે વખતે રાત્રી જેવી શોભે છે તેવી તે સભા રાવણની ગર્જના યુકત વાણી પુરી થઇ ત્યારે વિભીષણનો ઉપદેશ સાંભળી શોભવા લાગી. (૫૦)

ततः पुनः शार्वर मन्धकारं
हरन् हरिद्राजिरिव प्रभाभिः ।
तदीय मज्ञानभरं स्ववाग्भि
र्विभीषण श्चारुतरं चकाशे ॥ ५१ ॥

ભુવન પ્રકાશક સૂર્યનારાયણ જેમ પોતાની પ્રભાથી રાત્રીના એકઠા થયેલા અંધકારને દૂર કરતાં આકાશમાં શોભે છે. તેમ રાક્ષસ કુલ દિવાકર વિભીષણ ગમ્ભીર

નીતિ યુક્ત વાણી વડે રાવણનું અજ્ઞાન દૂર કરવા પ્રયત્ન કરતાં સભામાં શોભવા લાગ્યો. (૫૧)

अधःकृतासज्जनदूषणानि
परिष्कृताचारविभूषणानि ।
श्रुतप्रकाशीनि पवित्रितानि
जयंति चेतांसि महाजनानाम् ॥ ५२ ॥

દુષ્ટાત્માઓના હૃદય–મલને પ્રક્ષાલન કરનારાં, સજ્જનોના આચારનો ઉપદેશ કરનારાં, ધર્મશાસ્ત્રનો પ્રકાશ કરનારાં, દુર્જનોના અપવાદથી ન ડરનારાં, મહાત્મા પુરૂષોનાં પવિત્ર હૃદયોને પ્રણામ ! (૫૨)

अनारतं दर्शितकौतुकानि
पवित्रमैत्रीकृतपारणानि ।
जगत्रयस्थापितविस्मयानि
जयंति चेतांसि महाद्भुतानि ॥ ५३ ॥

નિત્ય ધર્મના નવીન આદર્શો દેખાડનાર, પવિત્ર પ્રેમને પોષનાર, ત્રણે જગતને ઉજ્વલ યશથી વિસ્મય પમાડનાર, મહા અદ્દભુત હૃદયોને વંદન હો !(૫૩)

अनन्यसौभाग्यगुणं वरिष्ठं
विशेषयन्तो विभवोपभोगैः ।
विस्मारितानर्थपरंपरास्ते
जयन्ति भूमण्डन मार्यवर्याः ॥ ५४ ॥

અસાધારણ પુણ્યની વૃષ્ટિ કરનાર, પોતાના નિર્મલ સહવાસથી સંસાર ગ્રસ્ત મનુષ્યોની દુઃખ પરંપરાઓને ટાળનાર, એવા ભૂમણ્ડલમાં શ્રેષ્ઠ આર્યપુરૂષોને ધન્યવાદ હો ! (૫૪)

प्रीतिं परां विस्मयचारुचित्रां
स्वभाग्यलक्ष्मीमिव धारयन्तः ।
सदा यतन्ते त्रिषमोपशान्त्यै
जयन्ति पीयूषहृदो महान्तः ॥ ५५ ॥

સાધારણ મનુષ્યોને વિસ્મય પમાડનારી ઉન્નત પ્રીતિને જેઓ ભાગ્યલક્ષ્મી પ્રમાણે ધારણ કરે છે, જેઓ સંસારના ત્રિવિધ તાપને દુર કરવાને અહોનિશ કટીબદ્ધ રહેલા છે, એવા અમૃતથી પરિપૂર્ણ હૃદયવાળા મહાપુરૂષોને ધન્યવાદ હો ! (૫૫)

धन्या महीमण्डन मार्यवर्या
येषां परार्थं वचनं वपुश्च ।
यदीयकीर्ति र्दिवमभ्युपैति
वलक्षपक्षे शशिनः कलेव ॥ ५६ ॥

પૃથ્વીના આભુષણ રૂપ, ઉત્તમ પુરૂષો જેમનું સર્વસ્વ ઉપકારને માટેજ ઉત્પન્ન થયેલું છે તેમની કીર્તિ શુકલ પક્ષના ચન્દ્રની માફક ઉજાળેછે. તેઓને નમસ્કારહો ।૫૬

श्रुत्वा वचोऽनादरकारि धीरो
दशाननस्य प्रतिकूलमार्गम् ।

जहौ न स स्वारसिकं सुशीलं
दृढव्रताः सत्पुरुषा भवन्ति ॥ ५७ ॥

અભિમાની રાવણે કરેલા અનાદરથી માઠું નહિ લગાડતાં વિભીષણે ધીરજ છોડી નહિ. કારણ કે. સત્પુરૂષો આરંભેલા કાર્યમાં મુશ્કેલીઓ આવી પડે તો પણ પાછા હઠતા નથી. (૫૭)

विलोक्य भीमं नयपारदृश्वा
भ्रूभङ्ग मव्यग्रविवेकदैन्यम् ।
लङ्कापतेः स्थैर्ययुतः सभायां
पुनः स संभाषणतत्परोऽभूत् ॥ ५८ ॥

નીતિ નિપુણ વિભીષણ સભામાં લંકાપતિ રાવણની વક્રભ્રકુટિને જોઇને સ્થિરતાથી ડગ્યો નહિ. ફરીથી રાવણને નીચે પ્રમાણે કહેવા તૈયાર થયો.

हे वीर जाने तव लोकसिद्धं
पराक्रमं त्रस्तपरास्तदैत्यम् ।
त्वया न सम्यग् विदितः परन्तु
स लोकनाथः प्रथमो रघूणाम् ॥ ५९ ॥

હે વીર, દેવોને પણ પરાસ્ત કરનાર વિશ્વપ્રસિદ્ધ તારા પરાક્રમને હું સારી રીતે જાણું છું. પણ હે ભાઈ, રઘુવંશના આભુષણ રૂપ ત્રૈલોકય પતિ રામને તું બરાબર જાણતો નથી, એમ મને લાગે છે. (૫૯)

गृण्हासि नीतौ विपरीतभावं
न बुध्यसेऽन्तर्मदमन्दचेताः ।
प्रतीपभूतं गणयन परं मा
माविष्टवत्सोदरमप्युपेतम् ॥ ६० ॥

રાવણ તું નીતિનો ઉંધો અર્થ કરે છે. તું નીતિના મર્મને જાણી શકતો નથી. કેમકે તારૂં ચિત્ત અભિમાનથી ભરાઇ ગયું છે. માટેજ તું મને—તારા ભાઇને શત્રુ પેઠે ગણી તિરસ્કારે છે. (૬૦)

राजन् विमर्शं कुरु नीतितत्त्वं
विचारय क्षेमसुखावतारम् ।
अलं रुषा धारय धर्ममार्गं
सदात्मनीनं कलयन्ति भव्याः ॥ ६१ ॥

હે રાવણ ! તું જરા વિચાર તો કર. કઇ નીતિમાં સુખ છે અને કઇ નીતિમાં દુઃખ છે તેતો જરા જો. ક્રોધ ન કર. રાજધર્મનો વિચાર કર. સારા પુરૂષો પોતાનું હિત સાધવામાં તત્પર રહે છે. (૬૧)

एते समस्ता ननु कालदष्टा
वदन्ति सत्यं न च ते विधेयाः ।
कामीव वेश्याप्रणयेन मिथ्या
स्तवेन संतुष्यति भूमिपालः ॥ ६२ ॥

આ બધા તારા સેવકો નાશની અણી ઉપર છે. તેથી તેઓ તને કોઇ પણ જાતની સાચી સલાહ આપતા નથી.

અથવા જેમ કામી પુરૂષ વેશ્યાના ઉપરના પ્રેમથી પ્રસન્ન થઇ પોતાનું બધું સ્વાહા કરે છે તેમ રાજા પણ ખોટી ખુશામદથી રાજી થઇ પોતાનો નાશ વ્હોરી લે છે. (૬૨)

राज्यं श्रियं वंशमुदारकीर्तिं
संरक्षितुं रावण विश्वबन्द्यम् ।
त्वमेव नैनं भविकं विचार्य
निवर्तय स्वान्त मपायमार्गात् ॥ ६३ ॥

હે રાવણ આ તારૂં વિશાલ રાજ્ય છે. આ અખૂટ લક્ષ્મી છે. વિશ્વ વિખ્યાત કુલ છે. તેના રક્ષણ તરફ બેદરકાર ન થા. તું ભવિષ્યનો વિચાર કરી આ દુષ્ટ કાર્યથી મન પાછું વાળ. (૬૩)

प्रदीपमालेव दिनस्य कान्ता
सुशीतशाला शिशिरस्य रम्या ।
कलेव चन्द्रस्य हिमागमस्य
सत्या न वाणी नृपते र्हिताय ॥ ६४ ॥

સૂર્યના તેજ આગળ દીપમાળા, શીશીરઋતુમાં શીતશાલા, અને શિયાળામા ચન્દ્રકલા ગમતી નથી તેમ સાચી વાણી રાજાને ગમતી નથી. (૬૪)

प्रकर्ष माविर्दधतेऽन्धकारं
जनै रनेया विषदोषदुष्टाः ।

भवन्ति लोकस्य भयाय नित्यं
भुजङ्गभूपामणयो नृपाश्च ॥ ६५ ॥

અન્ધારામાં (અભિમાનમાં) વધારે તેજસ્વી (પીડનાર), વશ ન થાય તેવા, વિષ દોષથી પરિપૂર્ણ (ક્રૂર), સર્પનો મણિ અને રાજાઓ સંસારને ભય આપનારા છે. (૬૫)

हिते विरक्तिं विमते प्रसक्तिं
विटे च भक्तिं कुटिले दधानः ।
मायामना मन्युजितो नृपालः
शशीव शोषं बहुले तनोति ॥ ६६ ॥

જે કપટી અને ક્રોધી રાજા હિતકારીમાં અવગણના શત્રુમાં, પ્રેમ, તથા લુચ્ચાઓની મિત્રતા કરે છે, તે કૃષ્ણપક્ષમાં જેમ ચન્દ્ર ક્ષયને પ્રાપ્ત થાય છે તેમ ક્ષયને પ્રાપ્ત થાય છે. (૬૬)

त्वद्भ्रूलतानर्तितमानसानां
वचो न मन्यस्व विनाशबीजम् ।
जनः परप्रत्ययनीयमानः ।
सदा प्रमादातिशयं करोति ॥ ६७ ॥

રાવણ ! આ તારા ખુશામદી સેવકો તારી 'હા' ગ 'હા' બોલે છે. તું તેઓના વચનપર આધાર ન રા[illegible] તેઓના વચનથી તારો નાશજ થશે. યાદ રાખજે કે

જે બીજાના વચન ઉપર આધાર રાખી કાર્ય કરે છે અને પોતે વિચાર કરતો નથી તે કોઇ પણ દહાડો જય પામતો નથી. (૬૭)

स्वज्ञातिजाताः परतो विभूतिं
विद्वेषयन्तः कृतकूटसख्याः ।
नयन्ति नाशाय जनं विमार्गं
स एव बन्धुः किल यो हितैषी ॥ ६८ ॥

માણસો આ મારો જ્ઞાતિભાઇ છે એમ ધારી તેનાપર વિશ્વાસ રાખે છે. પણ એકજ જ્ઞાતિમાં ઉત્પન્ન થયલા મનુષ્યો એક બીજાની ઉન્નતિને સહી શકતા નથી અને ઉંધી સલાહ આપી અવળે માર્ગે દોરી જાય છે. હે રાજ્યુ ! સાચો મિત્ર તો તેજ છે કે જે હિત ચાહે. (૬૮)

निरन्तरं संभृतकूटजाला
अन्यत्प्रदर्श्यान्यदुपार्जयन्ति ।
वगाद्य चान्तः परिपुष्टपक्ष-
दक्षा निजं स्वार्थ मशेषयन्ति ॥ ६९ ॥

જ્ઞાતિના માણસો હંમેશા કપટ રાખીને પોતાના મનનો વિચાર પ્રકટ કરતા નથી, પણ બીજીજ સલાહ આપે છે. આવી રીતે આપણા હૃદયનું હરણ કરીને પોતાનો સ્વાર્થ સાધી લે છે. (૬૯)

बुधावमानं दुरितप्रवीण-
चेतोभि रीशत्वमसाधुवृन्दैः ।

प्रमादिता पथ्यविरोधरागो
विधातृवैमुख्यनिदानमेतत् ॥ ७० ॥

પંડિતોનું અપમાન, પાપીઓથી પોતાની બડાઇ, દરેક કામમાં પ્રમાદની અધિકતા, અહિત કાર્યોમાં પ્રીતિ એ બધું વિધાતા વિપરીત થયો છે એમ બતાવે છે. (૭૦)

अनारतं कामपरायणेन
न मानिता भूपतिना मनोज्ञा ।
अकर्णधारेव दृढा परं नौ
र्विपद्पयोधौ प्लवते कुलश्रीः ॥ ७१ ॥

કર્ણધાર વિનાની—નાવિક વિનાની નૌકા જેમ મહાસાગરમાં ડૂબી જાય છે, તેમ હર હંમેશ કામમાં રચીપચી રહેલ રાજા જ્યારે કુલ લક્ષ્મી તરફ બેદરકાર થાય છે, ત્યારે કુલ લક્ષ્મી રાજ્યને છોડી ચાલી જાય છે. તથા સમગ્ર રાજ્ય સહિત તે નૃપતિ વિપત્તિમાં ફસાઈ જાય છે. (૭૧)

इयं कुलश्री रयमिद्धतेजा
भुजप्रभावो यशसा प्रकाशः ।
एवं न गर्वं कुरु दैत्यनाथ
गर्वः स्वभाग्याम्बुजशीतपातः ॥ ७२ ॥

હે રાક્ષસોના અધિપતિ ! આ મારી કુલ લક્ષ્મી છે, આ મારૂં તેજ–પરાક્રમ છે, મારી ભુજાનો પ્રભાવ

છે, આવો મારો યશ છે', એ પ્રમાણે વૃથા ગર્વ ન કર. કેમકે અવિચારી મનુષ્યો ગર્વથી પોતાનો નાશ કરી દે છે. (૭૨)

शरद्विभागे तटिनीव कामं
निशीथिनीवोष्णदिनागमे वा ।
पक्षेऽसिते नश्यति कौमुदीव
सति प्रमादे नृप राजलक्ष्मीः ॥ ७३ ॥

શરદ્ઋતુમાં પાણીથી ભરપૂર હોવા છતાં પણ નદી સૂકાઇ જાય છે. ગ્રીષ્મ ઋતુમાં રાત્રી જેમ ટૂંકી થતી જાય છે, કૃષ્ણપક્ષમાં જેમ ચાંદની નષ્ટ થાય છે, તેમ હે વીર, પ્રમાદ કરવાથી રાજલક્ષ્મી ક્ષીણ થઇ નષ્ટ થાય છે. (૭૩)

चित्रं चरित्रं तव सत्त्वशोभि
दिक्सुन्दरीपेशलकर्णभूषा ।
मा कामिताधूमचयेन वंश-
कलङ्कभाजा मलिनीकुरुष्व ॥ ७४ ॥

ત્હારૂં જીવન વિચિત્ર છે. દિશાઓને ઉજળી કરતી ત્હારા ચરિત્રને, કુળને કલંક સમાન કામવૃત્તિના ધૂમથી મલિન ન કરતો ! (૭૪)

तवोरुबाहुद्वयकल्पशाखि-
च्छायासुखश्रान्तिविहारभाजाम् ।

भूतिः पराभूतियुजा त्वयाऽद्य
करिष्यते भूति रकालभीमा ॥ ७५ ॥

કલ્પશાખા સમાન ત્હારા વિશાળ બે હાથની છત્ર-છાયા નીચે આરામ પામતા રાક્ષસોની ભૂતિ-આબાદિને ત્હારો પરાભવ ભૂતિ-ભસ્મ ન કરી દે ! (૭૬)

यशांसि वंशस्य समस्तलोक-
श्रुतानि संनष्टनयावधानः ।
लङ्कापते किं समकालमेव
करोषि धिक्कारकलङ्कितानि ॥ ७६ ॥

સારાસાર વિચાર રહિત એવા હે લંકાધીશ ! ત્હેં આ પુલસ્ત્યવંશના ત્રણે લોકમાં સંભળાયેલા યશને એકદમ ઘૃણિત કાર્યોથી કાળો કેમ કરી નાખ્યો છે? (૭૬)

स्वल्पोऽपि राजन् परदारराग़ो
विवर्धमानः परमव्यपायः ।
नदीरयो भूमिरुहा मिवौघं
महान्त मुन्मूलयितुं समर्थः ॥ ७७ ॥

જેમ નદીનો મહાન ધસમસતો વેગ વૃક્ષસમૂહને તોડી નાખવા સમર્થ છે, તેમ હે રાજન્ ! થોડો પણ પરસ્ત્રી સંગમાં ઉત્પન્ન થયેલો પ્રેમ દુઃખની પરંપરાને ઉત્પન્ન કરનારો છે. (૭૭)

अनर्गलं स्वर्गनिकेतनस्य
द्वारं मतं यत्र जितेन्द्रियत्वम् ।
तन्निघ्नता किं न हतं जनेन
संरक्षता रक्षितमस्ति किम्न ॥ ७८ ॥

જિતેન્દ્રિય રાજાને માટે સ્વર્ગનાં દ્વાર સદા ખુલ્લાજ છે. વિષયાંધ મનુષ્યે સર્વ ગુમાવ્યું છે એમ હે ભાઈ! તું નિશ્ચિત સમજ. ટુંકાણમાં જેણે ઇન્દ્રિયોને કાબુમાં રાખી છે તેણે સઘળું જીત્યું છે. (૭૮)

मर्मप्रहारः परमापकारः
सुखावदारः कलुषप्रसारः ।
क्षयप्रकारः सुकृतापहारः
कलङ्ककारः परदारहारः ॥ ७९ ॥

પરસ્ત્રી હરણ મર્મોને છેદનાર, અપકારને વધારનાર, સુખને દુર કરનાર, પાપને ફેલાવનાર, નાશને જન્મ દેનાર, પુણ્યને હરનાર, અને કલંકને વધારનાર છે એ તું નક્કી સમજ. (૭૯)

अलक्ष्यवेगः स हि रामचन्द्रः
संबुध्यते नो भवता बतायम् ।
प्रायो जनः क्लेशपदानुयातो
विनाशकाले विपरीतवृत्तिः ॥ ८० ॥

રાવણ ! તું રામને નિર્બળ ધારે છે, પણ તને ખબર નથી કે તે મહાપ્રતાપી છે. જ્યારે માણસનો નાશ સમીપ આવી પડે છે ત્યારે તેની સકલ વૃત્તિઓ ફરવાઈ જાય છે અને સારાસારનો વિચાર કરી શકતો નથી. (૮૦)

वीरो जगन्मण्डपमानदण्ड-
स्तम्भीभवद्गम्भीरबाहुदण्डः ।
जगत्त्रयीकंटकखंडखंड-
प्रचण्डकीनाशकरालदण्डः ॥ ८१ ॥

હે લંકેશ, રામ ખરેખર વીર પુરૂષ છે, અને જગતને શોભાવનાર વીરોમાં તેનું સ્થાન પ્રથમ છે. તેણે ત્રણે જગતના દુઃખોના ખંડે ખંડ કરી નાખ્યા છે, અને તે શત્રુઓને યમના જેવો વિકરાલ છે. (૮૧)

समस्तलोकाभयदानदीक्षा-
दक्षः पराभूतसपत्नपक्षः ।
प्रत्यक्षलक्षोऽसितभिन्नपक्ष-
सौभ्रात्रभाजा यशसा वलक्षः ॥ ८२ ॥

રાવણ, જેણે અખિલ સંસારને અભયદાન કર્યું છે, સંસારને ત્રાસ આપનારા દુષ્ટોનો વિનાશ કરી પ્રતાપ પતાકા દુર ફરકાવી છે, જેના પ્રબળ પ્રતાપ આગળ મોટા મોટા વીરો હારી જઇ શરણે થાય છે, એ રામને તું હજી જાણતો નથી. (૮૨)

अत्रस्तधैर्योऽद्भुतसत्त्वदीप्तः
शस्त्रास्त्रविद्यातिशयप्रगल्भः ।
शरीरवर्तीव यशःप्ररोहो
वि-ोपका-ामृतदत्तसेकः ॥ ८३ ॥

રણભૂમિમાં શત્રુઓ તેની પ્રબળ શરવૃષ્ટિથી હાંફવા લાગે છે, તેની શસ્ત્રવિદ્યાની અદ્દભુત ચતુરતા સંસારમાં પ્રસિદ્ધ છે, તથા તેનું સંપૂર્ણ જીવન પાપીઓનો નાશ કરી વિશ્વનો ઉપકાર કરવા માટેજ છે. (૮૩)

निर्यत्नसंनाशितदैत्यपूरः
प्रकर्षवर्षी भुवनैकशूरः ।
स रामचन्द्रो जगदेकधन्वी
सामान्यबुध्या परिगण्यते किम् ॥ ८४ ॥

લંકાપતે, તારા જેવા અથવા તારાથી પણ ભયંકર મહાપરાક્રમી વીરોને જેણે ભૂશાયી કરી વિજય લક્ષ્મી મેળવી છે, જેના ધનુષના પ્રચંડ ટંકારથી સમસ્ત બ્રહ્માંડ ગાજી ઉઠે છે એવા મહાવીર દશરથના પુત્ર રામને તું સાધારણ મનુષ્ય ન સમજીશ. (૮૪)

त्वया मदान्धेन निजावलेप-
विमोहितेनायमबोधि नैव ।
दुरन्तरोषारुणभीमवक्त्रो
गजेन पञ्चास्य इव प्रमत्तः ॥ ८५ ॥

સ્વભાવથીજ જેનું મુખ પ્રચંડ રોષથી રકત છે, એવા સિંહને ન સમજતો હાથી જેમ તેની સાથે લડવા તૈયાર થાય છે, તેમ અભિમાનથી અંધ થઇ પોતાની શક્તિની ખોટી બડાઇ મારી તું રામચંદ્રના વીર્ય ને સમજતો નથી તેથીજ તું લઢવા તૈયાર થયો છે. (૮૫)

अमेयमायं खलु शैशवेऽपि
मारीच मारेचितरोषरम्यः।
स ताटकारि र्निजसायकानां
चकार यं क्रीडनकन्दुकं च ॥ ८६ ॥

બાલ્યાવસ્થામાં પણ વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ કરતી વખતે તેણે તાટકા નામની રાક્ષસીને મારી નાખી, તેના પુત્ર મારિચ ને દડા પેઠે પોતાના બાણુથી દૂર ફેંકી દીધો, એવા રામચન્દ્રનું પરાક્રમ તો તને યાદ છે ને? (૮૬)

यः कौशिकेनानुगतः सबन्धुः
सभाविभागे जनकस्य वीरः।
कोदण्डखंडेन समं नृपाणां
चकार विस्फूर्जितमानखंडम् ॥ ८७ ॥

સીતાના સ્વયંવરમાં વિશ્વામિત્ર રામચંદ્ર તથા તેના ભાઇ લક્ષ્મણને લઈ ગયા હતા. તે વખતે રામચંદ્રે ધનુષ ના ખંડ—ટુકડા કરતી વખતે જે તારૂં અને અન્ય રાજાઓનું માન ખંડ-અપમાન કર્યું હતું, તે શું તને યાદ નથી? (૮૭)

पितु र्नियोगेन वनाय गन्तुं
समुत्सुकस्याश्रवयन्त्रितस्य ।
भावी जनानां नयनाश्रुपूरैः
प्रवर्तमानै रभिषेक आसीत् ॥ ८८ ॥

હે રાવણ, તું કહે છે કે રામ પ્રજાને વહાલોનો' તો,પણ જ્યારે તેના પિતાએ કૈકેયી ને આપેલું વચન પાળવા માટે રામને વનમાં જવા કહ્યો ત્યારે તેના વિયોગથી- દુઃખથી પ્રજા અત્યંત રડવા લાગી હતી, તે પ્રજાનો એના ઉપરનો પ્રેમ બતાવે છે. (૮૮)

त्रिसप्तकृत्वो वसुधापतीनाम्
क्षयैकदक्षः कठिनः कुठारः ।
स जामदग्न्येः स्फुरदुग्रशक्ति
रनायि पङ्केरुहपत्रभूयम् ॥ ८९ ॥

જે પરશુરામે પોતાના ઉગ્ર પરશુવડે પૃથ્વીને એકવીસ વખત નક્ષત્રિય કરી હતી, તે પરશુરામ પણ જેનો વાળ વાંકો કરી શકયો નો' તો તે રામ સાથે લડવા જતાં વિચાર કરજે. (૮૯)

तपोधनानां परिरक्षणार्थं
जघान दैतेयसमूहमेकः ।
खरादि रस्याथ शरव्रजाना
मोंकारमन्त्रः प्रथमो बभूवः ॥ ९० ॥

હે રાવણ ઋષિઓનું રક્ષણ કરવા માટે રામચંદ્રએ બાલ્યાવસ્થામાં જ હજારો રાક્ષસોનો સંહાર કરી નાખો હતો, ખર જેવા બળવાન રાક્ષસો તેના પહેલવહેલા પરાક્રમના ભોગ થઇ પડ્યા હતા. (૯૦)

स बालिनं विक्रमराशि रेवं
हृतानुजस्त्रीक मनिन्द्यशीलः ।
सुग्रीवसख्येन विनाऽपि संख्य
मसंख्यबाणः कवलीचकार ॥ ९१ ॥

કામી અને જેણે પોતાના ભાઈની સ્ત્રીનું હરણ કર્યું હતું એવા બળવાન વાલીને પરાક્રમી રામચંદ્રે, બીજા ઉપર ઉપકાર કરવા માટે પોતાના અસહ્ય બાણોથી છિન્ન ભિન્ન કરી નાખો હતો, તે રામચંદ્રના પરાક્રમને તું યાદ કર. (૯૧)

संलब्धराज्येन मदोज्झितेन
रामस्य सुग्रीवनृपेण भीमः ।
समागमोऽयं हतशात्रवस्य
ग्रीष्मस्य तिग्मद्युतिनेव जातः ॥ ९२ ॥

જેણે રાજ્ય પ્રાપ્ત કર્યું છે, જે રામને સહાય આપે છે, એવા સુગ્રીવનો રામની સાથે સમાગમ ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના સમાગમની માફક અત્યંત ભયંકર થયો છે.(૯૨)

ततार सिन्धुं निजधान पुत्रं
दूतो हनूमान् च बभंज शालाम् ।

ददाह लङ्कां च वनीं चखान
चकार भंगं ननु पश्यतस्ते ॥ ९३ ॥

તારા જોવા છતાં પણ તેના હનુમાન નામના એક દૂતે સમુદ્ર ઓળંગ્યો, તારા પુત્રને મારી નાખ્યો, નગરની હવેલીઓ સળગાવી, લંકાને બાળી નાખી, તારી અશોક વાટીકાને જેણે ઉજ્જડ બનાવી નાખી, એવા અનેક દૂત-વાળા રામને શું તું ઓછો બળવાન ધારે છે? (૯૩)

सौमित्रिपत्राबलिसंहतानां
मतःपरं त्वं क्षणदाचराणाम् ।
शिरांसि रेणूत्करकीर्णितानि
शाखामृगक्रीडनकानि कर्ता ॥ ९४ ॥

હે ભાઇ! જો હજી પણ તું નહીં માને તો આ તારા રાક્ષસોનાં માથાંઓ લક્ષ્મણના બાણથી કપાઇ જઇ ધૂળમાં રખડશે અને વાંદરાઓને રમવા માટે રમકડાં થઇ પડશે. (૯૪)

सीतावियोगामलकृत्विजाऽयं
रामः प्रतापी यजमान एव ।
क्रोधानले राक्षससंनिकायं
संदीपिते क्षीर मिवाद्य होता ॥ ९५ ॥

હે રાવણ! પ્રતાપી રામ યજમાન, સીતાના વિયોગ

રૂપી ઋત્વિજ વડે, ભભકતા ક્રોધ રૂપી અગ્નિમાં, રાક્ષસોના સમૂહને હવિની માફક હોમી દેશે. (૯૫)

अतः पुना रावण कामवृत्तिं
विहाय चेतो विमलं कुरुष्व ।
विमुच्यतां मैथिलराजकन्या
विधीयतां दीर्घतरा कुलश्रीः ॥ ९६ ॥

અને એટલું જ કહેવાનું કે હે ભાઇ, તારી આ દુષ્ટ કામવૃત્તિને છોડીને પવિત્ર કામમાં મન જોડ. જનક-તનયા સીતા રામચંદ્રને પાછી આપી દઇ, નાશ પામવાની અણી ઉપર આવી પડેલી આ રાક્ષસ કુલ લક્ષ્મીને ચિરસ્થાયી કર. (૯૬)

इत्थं वचः सोदरतो निशम्य
संदीपितक्षोभ इवासुरेशः ।
सक्रोध मक्रोधमुदारभावं
नुनोद बन्धुं वचसा पदाच ॥ ९७ ॥

પોતાના ભાઇ વિભીષણ પાસેથી આવો ઉપદેશ સાંભળી રાવણ અગ્નિની જ્વાલા માફક ભભકવા લાગ્યો, અને શાન્ત બેઠેલા ઉદાર મનસ્વી વિભીષણનો વચનથી તિરસ્કાર કર્યો અને લાતથી પણ તિરસ્કાર કર્યો. (૯૭)

संप्राप्नुहि स्फीतयशोवितानं
संभुङ्क्ष्व राज्यं परिरक्ष्य लक्ष्मीम् ।

कुरुष्व रामेण विरोध मित्थ
मुक्त्वा ततो दूनमना उदस्थात् ॥ ९८ ॥

આથી દુઃખિત મનવાળો વિભીષણ આ પ્રમાણે બોલ્યે। કે. હે દુર્મતિ રાવણ ઉજ્વલ યશને પ્રાપ્ત થા. રાજ્યનો ઉપભોગ કર, લક્ષ્મીનું રક્ષણ કર. અને રામ સાથે વિગ્રહ પણ માંડ; અર્થાત્ રામ સાથે લઢીને તું કેવી રીતે રાજ્ય કરી શકશે, તે હવે અમારૂ જોવાનું રહ્યું. આ પ્રમાણે કહી વિભીષણ સભા છોડી ચાલતો થયો. (૯૮)

इति सर्वतन्त्रस्वतन्त्रसाहित्यवारिधिकविचक्रवर्ति
श्रीदेवीप्रसादकविरत्नशिष्यस्य सत्यनिन्दापर-
नामधेयस्य साहित्यतीर्थशास्त्रिपोपटला-
लशर्मणः कृति रियं हृदयानन्दं
वितनोतुतरां सहृदयानाम् ।

સમાપ્ત.